GJSR140004542007

Presented on : 21-11-2007
Registered on : 21-11-2007
Decided on : 21-03-2025
Duration : 17 years, 4 months, 0 days

**IN THE COURT OF**
**JUDGE, LABOUR COURT AT ,SURAT**
**Presided Over by S.B.Shah**

**TAPP LC/942/2007**
**Exhibit No.: 102**

**અરજદાર** : **શ્રી બાબુ ઉદયનાથ પંડા**
રહે. પ્લોટ નં.૫૧૨, બ્લોક નં.૨૯૩, રૂમ નં.૨૬૪૯,
પાંડેસરા ગુજરાત હાઉસિંગ બોર્ડ, સુરત.
C/o, સુરત લેબર યુનિયન, રજી. નં.૧૧૭૭,
૧૧૧, ડૉ. આંબેડકર કોમર્શીયલ સેન્ટર,
માન દરવાજા, રીંગ રોડ, સુરત.

**: વિરૂધ્ધ :**

**સામાવાળા** :
(૧) **ભરુચા એન્ડ સન્સ**
(૨) **એમ.એસ.ભરુચા એન્ડ સન્સ**
(૩) **શૈલેષ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ પ્રા.લી.**
**તમામનું ઠે.**પ્લોટ નં.૨૦૭, એ-રોડ, પાંડેસરા,
જી.આઈ.ડી.સી., સુરત.

**હાજર રહયા** : અરજદાર તરફે :વિ.પ્રતિનિધીશ્રી દિપકભાઈ પીપરોડીયા
સામાવાળા તરફે :વિ.વ.શ્રી એન. બી. શાહ

**બાબત : બી.આઈ.આર એકટની ૧૯૪૬ ની કલમ-૭૮,૭૯ મુજબની અરજી.**

**:: ચુકાદો ::**

(૧) આ કામના અરજદારે સામાવાળાઓ વિરૂધ્ધ બી.આઈ.આર. એકટ ૧૯૪૬ ની કલમ- ૭૮ તથા ૭૯ મુજબ અરજી કરી જણાવેલ છે કે, સામાવાળાઓની સદર ઠેકાણે આવેલી સંસ્થા નં. ૧, સંસ્થા નં. ૨ અને સંસ્થા નં. ૩ માં ડાંઈગ-પ્રિન્ટીંગનો ટેક્ષટાઈલ્સ પ્રોસેસીંગ કરવાનો કાપડ ઉદ્યોગ છે, જેને બી.આઈ.આર. એક્ટ લાગુ પડે છે અને ૧૨ કલાકની પાળી પ્રમાણે બે પાળી મળી અંદાજે કુલ ૭૦૦ કામદારો કામ કરે છે. અરજદાર સામાવાળાઓની સંસ્થામાં દાખલ તારીખ ૧૦ વર્ષથી મેઈન્ટેનન્સ ખાતામાં મીકેનીકલ ફીટર કામના હોદ્દા પર કાયમી નોકરીની ફરજ પર જોડાયેલા અને અરજદારને સામાવાળાઓ બાર કલાક કામ બદલ દૈનિક પગાર રૂા.૨૧૧ પ્રમાણે ચુકવતા આવેલ અને સામાવાળાઓ ધ્વારા અરજદારને ઓવરટાઈમ સાથે મહીને સરેરાશ પગાર રૂા.૫,૫૦૦/- જેટલો

ચુકવવામાં આવતો. અરજદાર સામાવાળાઓની સંસ્થામાં નોકરીની શરૂઆતથી ખંત કાળજી અને નિષ્ઠાપૂર્વક નોકરી કરેલ છે અને અરજદારને કામ બાબતે સામાવાળાઓ તરફથી કદી નોટીસ, ચેતવણળ કે ઠપકો આપેલ નથી કે ખાતાકીય તપાસ કરી નથી. અરજદારે સામાવાળાઓની સંસ્થામાં વર્ષમાં સરેરાશ ૩૦૦ દિવસ જેટલી નોકરી કરેલ છે અને અરજદારે સામાવાળાઓની સંસ્થામાં નોકરીની શરૂઆતથી અંત સુધી સળંગ નોકરીની ફરજ બજાવેલ છે. – સામાવાળાઓની સંસ્થાનાં માલીકશ્રી શૈલેષભાઈ બલ્લુભાઈ ભરૂચા, તથા શેઠશ્રી મનીષભાઈ બલ્લુભાઈ ભરૂચા તથા શેઠશ્રી બલ્લુભાઈ ભરૂચા છે અને મેનેજરશ્રી નીતીનભાઈ છે. અને પગાર આપવાનું કામ શ્રી હસમુખભાઈ કરતા આવેલ છે. અને હાજરી પુરવાનું કામ અશોકભાઈ કરતા આવેલા છે. જેઓ ધ્વારા કારખાનાનું તમામ સંચાલન, વહીવટી કામ તથા કંટ્રોલીંગ કામ તથા કામદારોને પગાર આપવાનું તથા કામદારો પર દેખરેખ રાખવાનું કામ કરતા હતા. – સામાવાળાઓની ફેક્ટરીમાં અરજદારે વારંવાર માંગણી કરવા છતાં અરજદાર ને નિમણૂંકપત્ર, આઈકાર્ડ, હાજરી કાર્ડ, પગારચિઠ્ઠી, હક્કરજા કાર્ડ, ઓળખપત્ર વગેરે સામાવાળાઓ આપતા ન હતો તથા હક્કરજા અને બોનસ પણ આપેલ નથી અને અરજદાર ને અઠવાડીક રજા પણ આપવામાં આવેલ નહીં. તેમજ સામાવાળાઓ અરજદાર ને પી.એફ. તથા ઈ.એસ.આઈ. કોર્પોરેશનનો લાભ આપતા ન હતા. તેમજ સામાવાળાઓ અરજદારની નોકરી દરમ્યાન દર દિવાળીના સમયે અરજદારની કોરા તથા છાપેલા કાગળ–વાઉચર પર સહી લેતા આવેલા જે બાબતનો વાંધો વિરોધ કરતો તથા નોકરી દરમ્યાન મજુર કાયદા મુજબના લાભોની માંગણી અરજદાર સામાવાળાઓ શેઠશ્રી સમક્ષ અવર નવર કરતા પરંતુ સામાવાળાઓ અરજદાર ને એવું જણાવતા કે અમોને ત્યાં નોકરી કરવી હોય તો આ કાગળો પર સહી કરવી પડશે નહીં તો બીજી સારી જગ્યાએ નોકરી શોધી લો. આમ, કહી સામાવાળાઓ અરજદાર પર કિન્નાખોરી રાખતાં આવેલ. તેમ છતાં અરજદાર મજબુરીથી તેમના કુટુંબ બેકારીનાં ખપ્પરમાં ન હોમાય જેથી અરજદાર સામાવાળાઓને ત્યાં નોકરી કરતો આવેલ હતો. સામાવાળાઓના કેશીયરશ્રી હસમુખભાઈ કામદારને જ્યારે પગાર ચુકવતા ત્યારે એક રજીસ્ટર પર સહી કરાવી પગાર ચુકવતા હતાં ત્યારબાદ અરજદારને શેઠશ્રી મનીષભાઈ કોઈપણ જાતની સહી કરાવ્યા વગર પગાર ચુકવતા હતાં આ બાબતનો અરજદારે મૌખિક વાંધો વિરોધ કરતા હતા તો સામાવાળાઓ અરજદાર ને નોકરીમાંથી કાઢી મુકવાની ધમકીઓ આપતા આવેલા. – અરજદાર, સામાવાળાઓની ફેક્ટરીમાં તા.૧૨–૧૦–૨૦૦૭ ના રોજ બીજી પાળીમાં રાત્રે ૮–૦૦ કલાકે નોકરીની ફરજ પર આવેલ પરંતુ માલિકશ્રી શૈલેષભાઈ બલ્લુભાઈ ભરુચા, તથા શેઠશ્રી મનીષભાઈ બલ્લુભાઈ ભરુચા, તથા શેઠશ્રી બલ્લુભાઈ ભરુચા છે અને મેનેજરશ્રી નીતીનભાઈ એ નોકરીમાંથી વગર વાંકે વગર નોટીસે મનસ્વી રીતે કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર નોકરીમાંથી કાઢી મુકેલ છે. અને કોઈપણ જાતનો ન્યાય આપેલ નથી. તે રોજથી અમો દરરોજ સવારે નોકરીના સમયસર ફરજ પર આવતા હતાં છતાં અમોને શેઠના હુકમથી નોકરી પર વોચમેન કારખાનામાં પ્રવેશ કરવા દેતા ન હતાં. અને તે રોજ ઉપરોક્ત માલિકોએ

મને કોઈપણ જાતના વાંક કે ગુના વિના કે કારણ જણાવ્યા વગર બચાવની તક આપ્યા વિના કુદરતી ન્યાયનાં સિધ્ધાંતોનો ભંગ કરી નોટીસ કે નોટીસ પગાર, છટણી વળતર, બોનસ, હક્ક રજા તથા માહે. ઓક્ટોબર–૨૦૦૭ ના માસનો બાકી પગાર ચુકવ્યા વિના મૌખિક આદેશથી બી.આઈ.આર. એક્ટ તથા સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈઓનો ભંગ કરી અમો અરજદારને તાત્કાલિક નોકરીમાંથી કાઢી મુકી અમો અરજદારની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરી ગુનાહીત કૃત્ય કરેલ છે. તમારું આ પગલું મનસ્વી ગેરકાયદેસર, અન્યાય અને અનફેર લેબર પ્રેક્ટીશવાળું છે. ત્યારબાદ રોજે રોજ હું અરજદાર સામાવાળાઓની ફેક્ટરીમાં નોકરી પર જતો ત્યારે સામાવાળાઓ નોકરી પર લેતા નથી અને થાય તે કરી લેવાની ધમકી આપતા આવેલાં.જેથી અરજદારે નાછુટકે અને છેવટે આ સામાવાળાઓને તા.૨૨/૧૦/૨૦૦૭ નારોજ વિનંતીપત્ર રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી રવાના કરેલ જે વિનંતી પત્રની નકલ સામાવાળાઓને મળેલ હોવા છતાં અમોને કોઈ લેખિત જવાબ આપેલ નથી કે અમો અરજદારને નોકરીની ફરજ પર લીધેલ નથી. તથા સદર અરજી આપ નામદાર કોર્ટ સમક્ષ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. અમો અરજદારને સામાવાળાઓએ તા.૧૨/૧૦/૨૦૦૭ નારોજ મૌખિક હુકમથી નોકરીમાંથી કાઢી મુકેલ છે. અમો અવર નવર બીજા કારખાનામાં નોકરીની શોધખોળના પ્રયત્નો કરેલ છે અને હાલ પણ નોકરી શોધખોળનાં પ્રયત્નો ચાલુ છે પરંતુ અમો અરજદારને આજદિન સુધી નોકરી મળેલ નથી અને અમો હાલ બેકાર છીએ અને અમો અરજદાર સામાવાળાઓને ત્યાં આજે પણ નોકરીની ફરજ બજાવવા માટે રાજીખુશી અને તૈયાર છીએ. જેથી સદર કેસની હકીકતો ધ્યાને લઈ અમો અરજદારને તા.૧૨/૧૦/૨૦૦૭ નારોજથી પડેલા દિવસોના ભરપગારે તમામ આનુષાંગિક લાભો સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરાવવા યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે સામાવાળાઓને ધારા ધોરણસરની નોટીસ કરતા સામાવાળા તરફે આંક–૪ થી વકાલતનામું રજુ કરી વિ.વ.શ્રી. એચ. એસ.પંડયા હાજર થયેલ. ત્યારબાદ અરજદાર તરફે આંક–૫ અને આંક–૬ થી સામાવાળાઓનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવાની અરજીઓ આપતા મારા પુરોગામીશ્રીનાઓએ તે અરજી મંજુર કરી સામાવાળાઓનો અરજદારની આંક–૧ ની અરજીનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરેલ હતો. ત્યારબાદ સામાવાળા તરફે આંક–૯(૧) થી જવાબ રજુ કરવાનો હક ખોલવાની તથા જવાબ રજુ કરવા માટેની પરવાનગી અરજી રજુ કરતા, તે ખર્ચસહિત મંજુર કરવામાં આવેલ અને સામાવાળા નં. ૧ તરફે આંક–૫૪(પાછળથી આપેલ આંક)થી લેખિત જવાબ આપી મુખ્યત્વે જણાવેલ છે કે, અરજદારની અરજી ખરી નથી અને કબુલ, મંજુર નથી. અરજદારને આવી કોઈ જ અરજી કરવાનું કારણ યાને કે કોઝ ઓફ એકશનન મળતુ ન હોવાથી પણ અરજદારની અરજી કાયદામાં ટકી શકે તેમ નથી અને ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે. અરજદારને આવી કોઈ અરજી કરવાનો કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થતો નથી. અરજદારની અરજીને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝ તથા નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝનો પણ બાધ નડતો હોવાથી અરજદારની અરજી કાયદામાં ટકી શકે તેમ નથી અને ખર્ચ સહીત રદ્દ થવાને પાત્ર છે. વધુમાં સામાવાળા જણાવે છે કે, ઉપરોકત હકીકતોના પ્રકાશમાં

અરજદારની અરજીનો કોઈ જ જવાબ આપવા સામાવાળા બંધાયેલા નથી, તેમ છતાં નામદાર અદાલતની અદબ જળવાય અને ન્યાયનો ઉચ્ચતમ હેતુ સચવાય તેવા શુભ આશયથી સામાવાળા તરફે અરજદારની અરજીનો લેખિત જવાબ/નિવેદન /ખુલાસો કરેલ છે. સામાવાળા નં. ૧ તરફે રજુ જવાબમાં અરજદારની અરજીનાં પેરા-૧ થી ૫ નો એકંદરે ભારપુર્વક ઈન્કાર કરી જણાવે છે કે તે તમામ હકીકતો સામાવાળાને કબુલ, મંજુર નથી. ખરી હકીકતે અરજદાર કદીપણ સામાવાળા સંસ્થામાં કામદાર જ ન હતા અને તેઓ તથા સામાવાળા વચ્ચે કદીપણ કામદાર માલિકનો સંબંધ અસ્તિત્વમાં ન હતો. આમ, જયારે અરજદાર સામાવાળાની સંસ્થામાં કામદાર જ ન હોય અરજદાર તેમની અરજીમાં માંગે છે તેવા કોઈ હકો, લાભો, સગવડ કે નાણાં ચુકવવાનો કે અરજદાર જણાવે છે તેવા કાયદાઓનો ભંગ કરવાનો કે અરજદાર પર કિન્નાખોરી રાખવાનો કે શોષણ કરવાનો કે અરજદાર પાસે ઓવરટાઈમ કામ કરાવવાનો કે સહીઓ કરાવવાનો કે અરજદાર જણાવે છે તેવા નાણાં ચુકવવાનો અરજદારને નોકરીમાંથી છુટા કરવાનો કે અરજદારે પાઠવેલ પત્રનો અમલ કરવાનો કે અરજદારને નોકરીમાંથી છુટા કરવાનો કે તેમને નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો કોઈ જ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં સામાવાળા સંસ્થાને લાગુ પડતા તમામે તમામ કાયદાઓ અને જોગવાઈઓનું સામાવાળા પ્રથમથી જ ચુસ્તપણે પાલન કરતા આવેલા છે અને સામાવાળા સંસ્થામાં કદીપણ ઓવર ટાઈમ કામ કરાવવામાં આવતુ જ નથી. ઉપરોકત સંજોગોમાં જયારે અરજદાર કામદાર સામાવાળા સંસ્થામાં કદીપણ કામદાર જ ન હોય અને તેઓએ સદર અરજી સામાવાળા પાસેથી ખોટી રીતે નાણાં પડાવવાના બદઆશયથી કરેલ હોય અરજદાર માંગે છે તેવી કોઈ જ દાદ તેમને મળી શકે તેમ નથી અને અરજદારની અરજી ખર્ચ સહીત રદ થવાને પાત્ર તેમ જણાવે છે અને સદર જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની અન્ય બાબતો ખરી ન હોય તે કબુલ મંજુર નથી અને તેનો ભારપુર્વક ઈન્કાર કરેલ છે.

(૩) સામાવાળા તરફે આંક-૧ નો જવાબ રજુ થયા બાદ અરજદાર તરફે આંક-૧૦ થી પ્રોડકશન ઓફ ડોકયુમેન્ટની અરજી રજુ કરવામાં આવેલ, જેને મારા પુરોગામીશ્રીનાઓએ મંજુર કરતો હુકમ કરેલ. જે મુજબ સામાવાળા તરફે આંક-૫૭ થી પગારપત્રકો રજુ કરવામાં આવેલ તથા આંક-૫૮ થી હાજરીપત્રકો ન મળવા અંગે તથા મળી આવશે તો રજુ કરવા અંગેનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ અરજદાર તરફે આંક-૧૫ થી કલમ-૧૧૯(ડી) હેઠળની મનાઈ અરજી રજુ કરવામાં આવેલ. જેનો સામાવાળા નં.૧ તરફે આંક-૨૦(એ) થી જવાબ રજુ કરવામાં આવેલ તથા આંક-૨૨ થી લેખિત દલીલો રજુ કરી અરજદારની આંક-૧૫ ની અરજીની હકીકતોનો ભારપુર્વક ઈન્કાર કરી નામંજુર કરવા જણાવેલ. મારા પુરોગામીશ્રીનાઓએ અરજદારની આંક-૧૫ ની મનાઈ અરજી લગત વિસ્તૃત હુકમ કરી અરજીને નામંજુર કરેલી.

(૫) આ કામે અરજદાર તરફે મૌખિક દસ્તાવેજી પુરાવો નીચે મુજબ રજુ કરેલ છે.

**<u>–:અરજદાર તરફે રજુ મૌખિક પુરાવાઓ</u>:–**

| આંક | મૌખિક પુરાવાની વિગત |
|---|---|
| આંક–૮ | શ્રી બાબુ ઉદયનાથ પંડાની સરતપાસનું સોગંદનામું. |
| આંક–૧૩ | શ્રી બાબુ ઉદયનાથ પંડાની વધુ સરતપાસનું સોગંદનામું. |

(૬)આ કામે અરજદાર તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–:<u>અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ</u>:–**

| અનુક્રમ નં. | આંક/નિ. | દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | નિ.૭/૧ **આંક–૫૧** | અરજદારએ સામાવાળા નં.(૧) અને નં.(૨) અને નં.(૩) નાં ને નોકરી પર પુનઃસ્થાપિત થવા માટે વિનંતીપત્ર રવાના કરેલ જેની નકલ. |
| ૨ | નિ.૭/૨ **આંક–૫૨** | અરજદારએ સામાવાળા નં.(૧) ને નોકરી પર પુનઃસ્થાપિત થવા માટે વિનંતીપત્ર રવાના કરેલ જેની પોસ્ટ ખાતાની રજી.એ.ડી. ની સ્લીપની અસલ નકલ. |
| ૩ | નિ.૭/૩ **આંક–૫૩** | અરજદારએ સામાવાળા નં.(૧) ને નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટતી વિનંતીપત્ર મોકલાવેલ જે સામાવાળાને મળેલ જેની રજીસ્ટર્ડ એ.ડી.ની સ્વીકૃતિની અસલ નકલ. |
| ૪ | નિ.૭/૪ | અરજદારએ સામાવાળા નં.(૨) ને નોકરી પર પુનઃસ્થાપિત તવા માટે વિનંતીપત્ર રવાના કરેલ જેની પોસ્ટ ખાતાની રજી.એ.ડી.ની સ્લીપની અસલ નકલ. |
| ૫ | નિ.૭/૫ | અરજદારએ સામાવાળા નં.(૨) ને નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી વિનંતીપત્ર મોકલાવેલ જે સામાવાળાને મળેલ જેની રજીસ્ટર્ડ એ.ડી.ની સ્વીકૃતિની અસલ નકલ. |
| ૬ | નિ.૭/૬ | અરજદારએ સામાવાળા નં.(૩) ને નોકરી પર પુનઃસ્થાપિત થવા માટે વિનંતીપત્ર રવાના કરેલ જેની પોસ્ટ ખાતાની રજી.એ.ડી.ની સ્લીપની અસલ નકલ. |
| ૭ | નિ.૭/૭ | અરજદારએ સામાવાળા નં.( ૩) ને નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી વિનંતીપત્ર મોકલાવેલ જે સામાવાળાને મળેલ જેની રજીસ્ટર્ડ એ.ડી.ની સ્વીકૃતિની અસલ નકલ. |
| ૮ | નિ.૩૧/૧ **આંક–૩૩** | સરકારી શ્રમ અધિકારીએ સામાવાળા સંસ્થા તથા ભાગીદાર પર કરેલ ફોજદારી કેસ નં. ૬૨૮–એ/૨૦૦૫ ની ઝેરોક્ષ |
| ૯ | નિ.૩૧/૨ **આંક–૩૪** | ફોજદારી કેસ નં. ૬૨૮–એ/૨૦૦૫ માં સામાવાળા તથા ભાગીદાર તરફથી એડવોકેટની નિમણુંક કરેલ તે વકીલપત્રની ઝેરોક્ષ. |
| ૧૦ | નિ.૩૧/૩ **આંક–૩૫** | ફોજદારી કેસ નં. ૬૨૮–એ/૨૦૦૫ સામાવાળા સંસ્થા તથા ભાગીદારે ગુન્હો કબુલ કરેલ તે અરજીની ઝેરોક્ષ. |
| ૧૧ | નિ.૩૧/૪ **આંક–૩૬** | ફોજદારી કેસ નં. ૬૨૮–એ/૨૦૦૫ માં આરોપીની જુબાનીની ઝેરોક્ષ. |
| ૧૨ | નિ.૩૧/૫ | ફોજદારી કેસ નં. ૬૨૮–એ/૨૦૦૫ માં ભાગીદારનીની જુબાનીની ઝેરોક્ષ. |

| | | |
|---|---|---|
| | **આંક–૩૭** | |
| ૧૩ | નિ.૩૧/૬ **આંક–૩૮** | ફોજદારી કેસ નં. ૬૨૮–એ/૨૦૦૫ માં નામ. કોર્ટના હુકમની ઝેરોક્ષ. |
| ૧૪ | નિ.૩૧/૭ **આંક–૩૯** | સરકારી શ્રમ અધિકારીએ સામાવાળા સંસ્થા તથા ભાગીદાર પર કરેલ ફોજદારી કેસ નં. ૬૨૯–એ/૨૦૦૫ ની ઝેરોક્ષ. |
| ૧૫ | નિ.૩૧/૮ **આંક–૪૦** | ફોજદારી કેસ નં. ૬૨૯–એ/૨૦૦૫ માં સામાવાળા તથા ભાગીદાર તરફથી એડવોકેટની નિમણુંક કરેલ તે વકીલપત્રની ઝેરોક્ષ. |
| ૧૬ | નિ.૩૧/૯ **આંક–૪૧** | ફોજદારી કેસ નં. ૬૨૯–એ/૨૦૦૫ સામાવાળા સંસ્થા તથા ભાગીદારે ગુન્હો કબુલ કરેલ તે અરજીની ઝેરોક્ષ. |
| ૧૭ | નિ.૩૧/૧૦ **આંક–૪૨** | ફોજદારી કેસ નં. ૬૨૯–એ/૨૦૦૫ માં આરોપીની જુબાનીની ઝેરોક્ષ. |
| ૧૮ | નિ.૩૧/૧૧ **આંક–૪૩** | ફોજદારી કેસ નં. ૬૨૯–એ/૨૦૦૫ માં ભાગીદારનીની જુબાનીની ઝેરોક્ષ. |
| ૧૯ | નિ.૩૧/૧૨ **આંક–૪૪** | ફોજદારી કેસ નં. ૬૨૯–એ/૨૦૦૫ માં નામ. કોર્ટના હુકમની ઝેરોક્ષ. |
| ૨૦ | નિ.૩૧/૧૩ **આંક–૪૫** | સરકારી શ્રમ અધિકારીએ સામાવાળા સંસ્થા તથા ભાગીદાર પર કરેલ ફોજદારી કેસ નં. ૬૩૦–એ/૨૦૦૫ ની ઝેરોક્ષ. |
| ૨૧ | નિ.૩૧/૧૪ **આંક–૪૬** | ફોજદારી કેસ નં. ૬૩૦–એ/૨૦૦૫ માં સામાવાળા તથા ભાગીદાર તરફથી એડવોકેટની નિમણુંક કરેલ તે વકીલપત્રની ઝેરોક્ષ. |
| ૨૨ | નિ.૩૧/૧૫ **આંક–૪૭** | ફોજદારી કેસ નં. ૬૩૦–એ/૨૦૦૫ સામાવાળા સંસ્થા તથા ભાગીદારે ગુન્હો કબુલ કરેલ તે અરજીની ઝેરોક્ષ. |
| ૨૩ | નિ.૩૧/૧૬ **આંક–૪૮** | ફોજદારી કેસ નં. ૬૩૦–એ/૨૦૦૫ માં આરોપીની જુબાનીની ઝેરોક્ષ. |
| ૨૪ | નિ.૩૧/૧૭ **આંક–૪૯** | ફોજદારી કેસ નં. ૬૩૦–એ/૨૦૦૫ માં ભાગીદારનીની જુબાનીની ઝેરોક્ષ. |
| ૨૫ | નિ.૩૧/૧૮ **આંક–૫૦** | ફોજદારી કેસ નં. ૬૩૦–એ/૨૦૦૫ માં નામ. કોર્ટના હુકમની ઝેરોક્ષ. |
| ૨૬ | નિ.૭૮/૧ | યુનિયન મારફતે શ્રમ આયુકતશ્રી, ગાંધીનગર તથા ના.શ્ર.આ.શ્રી, સુરને કરવામાં આવેલ ફરીયાદની ઓફીસ કોપીની નકલ. |
| ૨૭ | નિ.૭૮/૨ | સરકારી શ્રમ અધિકારીશ્રી, સુરતે સામાવાળા કંપનીને આપેલ કારણદર્શક નોટીસની નકલ. |
| ૨૮ | નિ.૭૮/૩ | નામ. લેબર કોર્ટ, સુરતે આંક–૧૭ થી ટી. અરજી નં. ૬૦૬/૨૦૦૮ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૨૯ | નિ.૭૮/૪ | નામ. ઔદ્યોગિક અદાલત, સુરતે રીવીઝન અરજી (આઈ.સી.) નં. ૧/૧૭ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૩૦ | નિ.૭૮/૫ | નામ. લેબર કોર્ટ, સુરતે આંક–૧૪ થી ટી. અરજી નં. ૬૧૧/૨૦૦૮ માં |

| | | |
|---|---|---|
| | | હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૩૧ | નિ.૭૮/૬ | નામ. ઔધોગિક અદાલત, સુરતે રીવીઝન અરજી (આઈ.સી.) નં. ૭/૧૭ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૩૨ | નિ.૭૮/૭ | નામ. લેબર કોર્ટ, સુરતે આંક–૧૭ થી ટી. અરજી નં. ૬૧૨/૨૦૦૮ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૩૩ | નિ.૭૮/૮ | નામ. ઔધોગિક અદાલત, સુરતે રીવીઝન અરજી (આઈ.સી.) નં. ૨/૧૭ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૩૪ | નિ.૭૮/૯ | નામ. લેબર કોર્ટ, સુરતે આંક–૨૩ થી ટી. અરજી નં. ૬૦૭/૨૦૦૮ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૩૫ | નિ.૭૮/૧૦ | નામ. ઔધોગિક અદાલત, સુરતે રીવીઝન અરજી (આઈ.સી.) નં. ૬/૧૭ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૩૬ | નિ.૭૮/૧૧ | નામ. લેબર કોર્ટ, સુરતે આંક–૨૨ થી ટી. અરજી નં. ૬૧૩/૨૦૦૮ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૩૭ | નિ.૭૮/૧૨ | નામ. ઔધોગિક અદાલત, સુરતે રીવીઝન અરજી (આઈ.સી.) નં. ૩/૧૭ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૩૮ | નિ.૭૮/૧૩ | નામ. લેબર કોર્ટ, સુરતે આંક–૨૩ થી ટી. અરજી નં. ૬૧૪/૨૦૦૮ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૩૯ | નિ.૭૮/૧૪ | નામ. ઔધોગિક અદાલત, સુરતે રીવીઝન અરજી (આઈ.સી.) નં. ૪/૧૭ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૪૦ | નિ.૭૮/૧૫ | નામ. લેબર કોર્ટ, સુરતે આંક–૨૨ થી ટી. અરજી નં. ૬૧૫/૨૦૦૮ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૪૧ | નિ.૭૮/૧૬ | નામ. ઔધોગિક અદાલત, સુરતે રીવીઝન અરજી (આઈ.સી.) નં. ૫/૧૭ માં હુકમ ફરમાવેલ, તેની ઝેરોક્ષ. |
| ૪૨ | નિ.૮૧/૧ | પે.વે. અરજી નં. ૩૨૨/૧૨ ના કેસમાં કોર્ટ કમિશ્નરશ્રીના રીપોર્ટની નકલ. |
| ૪૩ | નિ.૮૧/૨ | ટી. અરજી નં. ૬૦૬/૦૮ માં નામ. કોર્ટના હુકમની નકલ. |
| ૪૪ | નિ.૮૧/૩ | ટી. અરજી નં. ૬૦૭/૦૮ માં નામ. કોર્ટના હુકમની નકલ. |
| ૪૫ | નિ.૮૧/૪ | ટી. અરજી નં. ૬૧૧/૦૮ માં નામ. કોર્ટના હુકમની નકલ. |
| ૪૬ | નિ.૮૧/૫ | ટી. અરજી નં. ૬૧૨/૦૮ માં નામ. કોર્ટના હુકમની નકલ. |
| ૪૭ | નિ.૮૧/૬ | ટી. અરજી નં. ૬૧૩/૦૮ માં નામ. કોર્ટના હુકમની નકલ. |
| ૪૮ | નિ.૮૧/૭ | ટી. અરજી નં. ૬૧૪/૦૮ માં નામ. કોર્ટના હુકમની નકલ. |
| ૪૯ | નિ.૮૧/૮ | ટી. અરજી નં. ૬૧૫/૦૮ માં નામ. કોર્ટના હુકમની નકલ. |
| ૫૦ | નિ.૮૧/૯ | ટી. અરજી નં. ૬૦૬/૦૮ માં કોર્ટ કમિશ્નરશ્રીના રીપોર્ટની નકલ. |
| ૫૧ | આંક–૨૫ | કલોઝીંગ પુરસીસ. |

(૭) આ કામે સામાવાળા તરફે મૌખિક પુરાવો નીચે મુજબ રજુ કરેલ છે.

**-: <u>સામાવાળા તરફે રજુ મૌખિક પુરાવો</u>:-**

| આંક | મૌખિક પુરાવાની વિગત |
|---|---|
| ૨૮ | શ્રી શૈલેષ મુળચંદદાસ ભરૂચાની સોગંદનામા પર જુબાની. |
| ૭૦ | શ્રી મનિષ મુળચંદદાસ ભરૂચાની સોગંદનામા પર જુબાની. |

(૮) આ કામે સામાવાળા તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**-:<u>સામાવાળા તરફે રજુ દસ્તાવેજી પુરાવો</u>:-**

| અનુક્રમ નં. | આંક/નિ. | દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | નિ.૧૯-એ/૧ | શ્રી બલ્લુભાઈ ભરૂચા ઉર્ફે મુળચંદદાસ નંદલાલ ભરૂચાના તા. ૨૪-૫-૧૩ ના રોજ થયેલ મૃત્યુના મરણ દાખલાની નકલ. |
| ૨ | નિ.૧૯-એ/૨ | નામ. મજુર અદાલતના બેંક ગેરન્ટીના હુકમોની નકલ. |
| ૩ | નિ.૧૯-એ/૩ | સુટેક્ષ કો.ઓ. બેંક લી. ની પાંચ વર્ષની બેંક ગેરન્ટીની નકલો. |
| ૪ | નિ.૧૯-એ/૪ **આંક-૫૫** | ભરૂચા એન્ડ સન્સના કારખાનાની કુલ્લે મશીનરીઓના વેચાણ તથા સંલગ્ન કબજા સોંપાયાના કરારની નકલ. |
| ૫ | નિ.૧૯-એ/૫ | વી. કે. નટરાજા ગાઉન્ડર વિ. એસ. કે. બંગારૂ રેડીયારના એટેચમેન્ટ બીફોર જડજમેન્ટ બાબતના નામ. મદ્રાસની વડી અદાલતના હુકમની નકલ. |
| ૬ | નિ.૫૭/૧ | સામાવાળા સંસ્થાનું એપ્રિલ-૦૫ થી માર્ચ-૦૬ સુધીનું અસલ પગારપત્રક |
| ૭ | નિ.૫૭/૨ | સામાવાળા સંસ્થાનું એપ્રિલ-૦૬ થી માર્ચ-૦૭ સુધીનું અસલ પગારપત્રક |
| ૮ | નિ.૫૭/૩ | સામાવાળા સંસ્થાનું એપ્રિલ-૦૭ થી માર્ચ-૦૮ સુધીનું અસલ પગારપત્રક |
| ૯ | નિ.૭૪/૧ | શૈલેષભાઈ ભરૂચા સારવાર હેઠળ હોય તે અંગેનો ફોટો અસલ |
| ૧૦ | નિ.૭૪/૨ | એપલ હોસ્પિટલના પ્રમાણપત્રની એટેસ્ટેડ કોપી |
| ૧૧ | નિ.૭૪/૩ | એપલ હોસ્પિટલની ડીસ્ચાર્જ સમરીની એટેસ્ટેડ કોપી |
| ૧૨ | નિ.૭૪/૪ | શ્રીમતી આર. બી. શાહ મહાવીર સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની ડીસ્ચાર્જ સમરીની એટેસ્ટેડ કોપી |
| ૧૩ | નિ.૭૪/૫ | શ્રીમતી આર. બી. શાહ મહાવીર સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની ડીસ્ચાર્જ સમરીની એટેસ્ટેડ કોપી |
| ૧૪ | નિ.૭૪/૬ | શ્રીમતી આર. બી. શાહ મહાવીર સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના સર્ટીફીકેટની એટેસ્ટેડ કોપી |
| ૧૫ | નિ.૭૪/૭ | શ્રીમતી આર. બી. શાહ મહાવીર સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની |

| | | |
|---|---|---|
| | | ડીસ્ચાર્જ સમરીની એટેસ્ટેડ કોપી |
| ૧૬ | નિ.૭૪/૮ | શ્રીમતી આર. બી. શાહ મહાવીર સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની ડીસ્ચાર્જ સમરીની એટેસ્ટેડ કોપી |
| ૧૭ | નિ.૭૪/૯ | ડો. પરેશ આર. મહેતા, એમ.ડી. એ આપેલ સર્ટીફીકેટની સેલ્ફ એટેસ્ટેડ કોપી |
| ૧૮ | નિ.૭૪/૧૦ | ડો. પરેશ આર. મહેતા, એમ.ડી. એ આપેલ સર્ટીફીકેટની સેલ્ફ એટેસ્ટેડ કોપી |
| ૧૯ | નિ.૭૪/૧૧ | ડો. પરેશ આર. મહેતા, એમ.ડી. એ આપેલ સર્ટીફીકેટની અસલ |
| ૨૦ | નિ.૭૪/૧૨ | ડો. પરેશ આર. મહેતા, એમ.ડી. એ આપેલ સર્ટીફીકેટની અસલ |
| ૨૧ | આંક-૮૩ | કલોઝીંગ પુરસીસ. |

(૯) આ કામે અરજદાર તરફે વિસ્તારપુર્વક મૌખિક દલીલો કરેલ છે અને તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના અરજદારના કામદાર માલીકના સબંધ અંગે આ કામના સામાવાળા તરફથી જે કોઈ હાજરીપત્રક અને પગાર પત્રક રજુ કરેલા છે તે સબંધી તેઓના પાર્ટનરનાઓએ ગુના કબુલ કરેલ છે જેથી સામાવાળા તરફથી કોઈ હાજરીપત્રક અને પગારપત્રક નીભાવામા આવતા ન હતા અને કામદારોને કોઈ પુરાવા આપતા ન હતા. આંક-૨૮ ના સાહેદની જુબાની જોતા પણ તેઓ હાજરીપત્રક અને પગાર પત્રક નિભાવતા હતા અને જે રજુ કરવા તેઓએ સંમતિ આપવા છતા રજુ કરેલા નથી જેથી તેઓની સામે એડવર્સ ઈન્ફરનસ ડ્રો કરવુ જોઈએ. વધુમા આ કામે અરજદારની જુબાની જોતા તેઓએ તેમના સાથી કામદારોના નામ જણાવેલા છે. સામાવાળા સંસ્થા કોઈ પણ કામદાર ને હાજરીકાર્ડ, પગારચીઠઠી, ઓળખકાર્ડ આપેલ નથી અને છુટા કરેલા છે.સામાવાળાએ તેમની જુબાનીમા કબુલ કર્યા બાદ પણ કોઈ પુરાવા રજુ કરેલા નથી.જેથી અરજદારે તેઓની અરજી મુજબની હકીકત અને સામાવાળા સાથેના તેઓના કામદાર માલીકના સબંધ પુરવાર કરેલા છે. જે આ કામે રજુ કરેલા ગુના કબુલાતના ચુકાદાથી પુરવાર થાય છે. સામાવાળાને લેબર ઓફીસર દ્રારા સંસ્થા બંધ કરવા અંગે કોઈ પરવાનગી આપેલ નથી. જેથી સંસ્થાનુ કોઈ કાયદેસર કલોઝર થયેલ નથી. આ કામે જે કરાર રજુ થયેલ છે તે કરાર પણ બોગસ છે. સામાવાળાએ ઉલટતપાસમા તમામ હકીકત ખોટી જણાવેલી છે. જેથી અરજદારોની અરજી મંજુર કરી તેઓ તમામને બેઠા પગાર સાથેનું મળવાપાત્ર તમામ વળતર ચુકવવા અરજ કરેલી છે. વધુમા તેઓની રજુઆતના સર્મથનમા આંક-૯૭ થી નિચે મુજબનુ ઓથોરીટી લીસ્ટ રજુ રાખેલ છે.

| ક્રમ | ઓથોરીટીની વિગતો |
|---|---|
| ૧ | સને-૨૦૦૬ સુપ્રિમ કોર્ટ કેસ (એલ.એન.એસ.)૧. |
| ૨ | સને-૨૦૧૦(૨) જી.એલ.એચ. પેજ નં. ૨૧૪ ગુજરાત હાઈકોર્ટ. સ્ટેટ ઓફ ગુજરાત |

| | |
|---|---|
| | અને બીજાઓ વિરૂધ્ધ કટુબેન ટપુભાઈ |
| ૩ | સને–૨૦૧૩ (૧૩૯) એફ.એલ.આર. પેજ નં. ૫૪૧ સુપ્રિમ કોર્ટ. |
| ૪ | સને–૨૦૧૪ (એલ.એલ.આર.) પેજ નં. ૬૭૩ સુપ્રિમ કોર્ટ. |
| ૫ | સને–૨૦૦૪ સુપ્રિમ કોર્ટ કેસ (એલ.એન.એસ.) પેજ નં. ૧૦૮૧. |
| ૬ | સને–૨૦૧૦ (એલ.એલ.આર.) પેજ નં. ૩૩૫ સુપ્રિમ કોર્ટ. |
| ૭ | સને–૧૯૮૬–૦ (જી.એલ.એચ.ઈ.એલ.એસ.સી.–૨૪૫૦૨) |
| ૮ | એ.આઈ.આર.–૧૯૯૬ સુપ્રિમ કોર્ટ – ૧૨૮૨ (વઝીર ગ્લાસ) |
| ૯ | રીકવરી (સી–૨) અરજી નં. ૧૧૧૩/૨૦૧૭ ના કેસમાં શ્રી વી.બી.ચૌહાણ સાહેબે તા. ૨૯–૧૨–૨૦૨૩ ના રોજ હુકમ ફરમાવેલ,તે હુકમની નકલ |

**(૧૦)** આ કામમાં અરજદાર તરફે મૌખિક દલીલો કરવામાં આવેલ છે. જે અનુસંધાને સામાવાળા નં–૧ ભરૂચા એન્ડ સન્સ તરફે **આંક–૧૦૦** થી વિસ્તાપુર્વકની લેખિત દલીલો રજુ કરેલ છે. જે વંચાણે લેવામા આવેલ છે. જે દલીલના મુખ્ય મુદદામા એમ જણાવેલ છે કે,

–નિયમ–૫૩(૧) ને ઘ્યાને લેતા તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ''એ અરજીની એક નકલ મજૂર કમીશનરને મોકલવી જોઈએ જે એક મેન્ડેટરી જોગવાઈ છે. હાલની ટી અરજીમાં અરજદારે નિ–૭/૧ (આંક–૫૧) થી તા.૨૨/૧૦/૨૦૦૭ નાં રોજનો કહેવાતો એપ્રોચ લેટર રજૂ કરેલ છે જે મહે. લેબર ઓફીસરશ્રી, મહે. આસી. લેબર કમિશ્નરશ્રી, મહે. લેબર કમિશ્નરશ્રીને અરજદારે નકલ મોકલેલ હોય તે અંગેના કોઈ પૂરાવા અરજદારે રજૂ કરેલ નથી. આમ, અરજદારે મેન્ડેટરી જોગવાઈનો ભંગ કરેલ છે. આથી અરજદારની ટી અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને રદ્દ થવાને પાત્ર છે.

– વધુમાં, હાલની ટી અરજીમાં સૌપ્રથમ અરજદાર અને સામાવાળા સંસ્થા વચ્ચે માલિક–કામદારનો સંબંધ છે કે કેમ? તે નકકી કરવું જરૂરી છે અને આ માલિક–કામદારનો સંબંધ પુરવાર કરવાનું પૂરેપૂરુ બર્ડન અરજદાર ઉપર છે. અરજદાર જયાં સુધી તેમના ઉપર રહેલ બર્ડન ડીસ્ચાર્જ ન કરે ત્યાં સુધી સામાવાળા સંસ્થા ઉપર ઓનસ (onus) શીફ્ટ થતું નથી. હાલના કામમાં અરજદાર તેમનો સામાવાળા સંસ્થા સાથે માલિક–કામદારનો સંબંધ હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયા છે.

–સૌ પ્રથમ અરજદારની આંક–૧ ની મુળ અરજી ઘ્યાને લેતાં, તેઓ તેમાં એવું જણાવે છે કે, તેઓ સંસ્થામાં છેલ્લા ૧૦ વર્ષથી મેઈન્ટેનન્સ ખાતામા મીકેનીકલ ફીટર ડાઈંગ ખાતામાં સેન્ટર મશીન સીલાઈમેનના હોદ્રા પર કામ કરતા હતા અને તેઓને દૈનિક પગાર રૂા.૨૧૧/– અને મહિને સરેરાશ રૂા.૫,૫૦૦/– જેટલો ચુકવવામાં આવતો હતો પરંતુ તે બાબત તેઓએ કોઈ પૂરાવો રજૂ કરેલ નથી.

–અરજદારે તેમની મૂળ અરજીનાં પેરા–(૨) થી (૫) માં જે કંઈ હકીકતો લખી છે તે અંગે તેઓએ કોઈ

પુરાવા રજૂ કર્યા નથી જયારે સંસ્થાએ રજૂ કરેલ દસ્તાવેજો તથા મૌખિક પૂરાવા પરથી અરજદારે આ હકીકત ખોટી રીતે ઉપજાવી કાઢેલ હોવાનું સ્પષ્ટપણે પૂરવાર થાય છે.

–અરજદારની અરજી ''કારણ વિનાની'' યાને ''કોઝ ઓફ એકશન'' વિનાની હોઈ કાયદામાં ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. આ ઉપરાંત અરજદારે કુલ ચાર વ્યકિતઓના નામ લખેલ છે. તે બાબત જણાવવાનું કે, સામાન્ય માણસ સમજી શકે કે કોઈપણ વ્યકિતને નોકરીમાંથી કાઢી મુકવાનો હુકમ કોઈ એક જ વ્યકિત કરી શકે. ચાર માણસો એક સાથે એક વ્યકિતને કાઢી મુકવાનો હુકમ રાત્રે ૦૮–૦૦ કલાકે કંઈ રીતે કરી શકે ? તે પણ કોઈ કારણ વિના અરજદારને નોકરીમાંથી કાઢી મુકે એવું કોઈપણ સંજોગોમાં બની શકે નહી. જેના પરથી સ્પષ્ટપણે પૂરવાર થાય છે કે અરજદારે સામાવાળાની સંસ્થામાં કયારેય અમોના કામદાર તરીકે કામ કરેલ નથી અને ખોટી ખોટી હકીકતો ઉપજાવી કાઢેલ છે.

–સામાવાળા સંસ્થાએ આંક–પ થી અરજદારની ટી અરજીનો જવાબ રજૂ કરેલ છે. તે જવાબમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, અરજદારે અમો સામાવાળાની સંસ્થામાં કયારેય અમોનાં કામદાર તરીકે કામ કરેલ નથી અને અરજદાર અમોની સંસ્થાનાં કામદાર નહોતા અને નથી અને અરજદાર અને અમો સામાવાળા વચ્ચે કામદાર–માલિકનો સંબંધ અસ્તિત્વમાં નહોતો અને નથી. અરજદાર અમો સામાવાળાના કામદાર ન હોવાથી તેમજ તેઓને નોકરીમાંથી કાઢી મૂકયા ન હોવાથી આપ નામદાર કોર્ટે અરજદારની અરજીની વિગતોને ઘ્યાનમાં લેવાનો કે અરજદારને ન્યાય અપાવવાનો કે તા.૧૨/૧૦/૦૭ થી પડેલા દિવસોના ભરપગારે નોકરી પર અસલ જગ્યાએ લેવાનો કે તેવો કોઈ હુકમ ફરમાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

–નામદાર કોર્ટે આંક–૧૦ નીચે હુકમ એવો કરેલ છે કે,

**–: હુકમ :–**

"The application is hereby allowed and the documents sought to be produced by way of these application will help for and in adjudicating whether the applicant is a workman or not and whether he was completed 240 days or not. In view of above the opponent is hereby directed to produce the document as per this application."

ઉપરોકત હુકમમાં નામદાર કોર્ટે સ્પષ્ટપણે અરજદાર સામાવાળાના કામદાર છે કે કેમ તથા અરજદારે ર૪૦ દિવસ પુરા કર્યા છે કે કેમ તે નકકી કરવું જરૂરી હોવાનું જણાવેલ છે. અમો સામાવાળાએ આંક–પ૭ ના લીસ્ટથી અમો સામાવાળા સંસ્થા નં–૧ ના એપ્રિલ'૦પ થી માર્ચ'૦૮ સુધીના અસલ પગારપત્રક રજુ કરેલ છે. તે પગારપત્રકો બાબત જણાવવાનું કે, અરજદાર તરફે આંક–ર૮ થી થયેલ શૈલેષભાઈ ભરૂચાની ઉલટતપાસમાં આ પગારપત્રકોને રીફર કરી સવાલો પુછવામાં આવેલ છે જેને ઘ્યાને લેતાં તે દસ્તાવેજોને ન માનવાનો કોઈ કારણ નથી અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ઘ્યાને લેતાં આ તમામ પગારપત્રકો Proved Documents છે આથી તે રીતે તેનું

મૂલ્યાંકન કરવાની જરૂર છે અને તે તમામ પગારપત્રકોને ધ્યાને લેતા આંક–૧૦ ના હુકમમાં નામદાર કોર્ટે જણાવ્યા મુજબ તે પગારપત્રકોમાં અમો સામાવાળા સંસ્થામાં કામ કરતા કામદારોની વિગત દર્શાવવામાં આવેલ છે જેમાં હાલના કામનાં અરજદારનું નામ નથી. આથી આ દસ્તાવેજો પરથી સ્પષ્ટપણે પુરવાર થાય છે કે અરજદારે અમો સામાવાળા સંસ્થામાં કયારેય કામ કરેલ નથી અને કાયદાની જોગવાઈ જોતાં આની વિરૂધ્ધનું અનુમાન થઈ શકતું નથી કે અન્ય કંઈ માનવાને કારણ રહેતુ નથી. ખરી હકીકતમાં કાયદાની જોગવાઈ જોતાં, નામદાર કોર્ટના રેકર્ડ ઉપરથી પુરવાર થતી હકીકતને ધ્યાને લઈ ચુકાદો આપવાનો હોય છે. અનુમાનો કે માન્યતાઓ (Presumption and Assumption) ઉપર ચુકાદાઓ આપી શકાતા નથી. આથી આપ નામદાર કોર્ટ સમક્ષ પૂરવાર થયેલ હકીકત પરથી સ્પષ્ટપણે પુરવાર થાય છે કે અરજદારે અમો સામાવાળા સંસ્થામાં કામ કરેલ નથી અને અરજદાર અને અમો સામાવાળા વચ્ચે માલિક–કામદારનો સંબંધ અસ્તિત્વમાં નહોતો અને નથી. આથી અરજદારની અરજી ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. જે હુકમનાં સંદર્ભમાં અમો સામાવાળાએ આંક–૫૭ થી સામાવાળા નં .૧ સંસ્થાના એપ્રિલ–૦૫ થી માર્ચ–૦૮ સુધીના અસલ પગારપત્રક રજુ કરેલા છે. જે આંક–૨૮ થી થયેલ સાહેદ શૈલેષભાઈ ભરૂચાની ઉલટતપાસમા રીફર કરવામા આવેલ છે. અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને લેતાં આ દસ્તાવેજો Proved Documents છે આથી તે રીતે તેનું મૂલ્યાંકન કરવાની જરૂર છે અને તે તમામ દસ્તાવેજોને ધ્યાને લેતા સ્પષ્ટપણે પુરવાર થાય છે કે અરજદારે અમો સામાવાળા સંસ્થામાં કયારેય કામ કરેલ નથી અને કાયદાની જોગવાઈ જોતાં આની વિરૂધ્ધનું અનુમાન થઈ શકતું નથી કે અન્ય કંઈ માનવાને કારણ રહેતુ નથી. ખરી હકીકતમાં કાયદાની જોગવાઈ જોતાં, નામદાર કોર્ટના રેકર્ડ ઉપરથી પુરવાર થતી હકીકતને ધ્યાને લઈ ચુકાદો આપવાનો હોય છે. અનુમાનો કે માન્યતાઓ (Presumption and Assumption) ઉપર ચુકાદાઓ આપી શકાતા નથી. આથી આપ નામદાર કોર્ટ સમક્ષ પૂરવાર થયેલ હકીકત પરથી સ્પષ્ટપણે પુરવાર થાય છે કે અરજદારે અમો સામાવાળા સંસ્થામાં કામ કરેલ નથી અને અરજદાર અને અમો સામાવાળા વચ્ચે માલિક–કામદારનો સંબંધ અસ્તિત્વમાં નહોતો અને નથી. આથી અરજદારની અરજી ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે.

–આંક–૮ અને ૧૩ ની એફીડેવીટના અનુસંધાને સામાવાળા તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તે ઉલટતપાસમા અરજદાર એમ જણાવે છે કે,''મેં ૬ ધોરણ સુધી અભ્યાસ કર્યો છે. મને ગુજરાતી લખતા વાંચતા આવડતું નથી. એ વાત ખરી નથી કે આ કોર્ટમાં મારી સહીથી રજુ કરેલ કાગળમાં શું લખેલ છે તેની મને ખબર નથી. આંક–૧૫ બતાવવામાં આવે છે તેમાં શું લખેલ છે તેની મને જાણ નથી. આંક–૧ માં શું લખેલ છે એ ગુજરાતી વાંચતા આવડતું નથી તેથી શું લખેલ છે તેની ખબર

નથી. આંક–૧ માં યુનિયનવાળાએ મારી સહી લઈ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ હતી. અમે કેસ માત્ર ભરૂચા એન્ડ સન્સની સામે કરેલ છે. બાકીની બે સંસ્થા સામે કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળાની ત્રણેય સંસ્થા એક સાથે જ એક જ જગ્યાએ ચાલે છે તેવું બતાવવા મારી પાસે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે ભરૂચા એન્ડ સન્સ પણ બંધ થઈ ગયેલ છે. એ વાત ખરી નથી કે મેં મારી અરજી તથા સોગંદનામામાં સામાવાળાની ત્રણેય સંસ્થામાં નોકરી કરેલ હોવાનુ જણાવેલ છે. ખરી હકીકતે મેં ભરૂચા એન્ડ સન્સમાં જ કામ કરેલ છે. એ વાત ખરી છે કે સામાવાળા નં–ર તથા નં–૩ ની સંસ્થા સાથે મારે કોઈ લેવાદેવા નથી. મેં સામાવાળાની ત્રણેય સંસ્થામાં એક દિવસ પણ કામ કરેલ હોય તવું બતાવવા મારી પાસે કોઈ પુરાવા નથી.આ ઉપરાંત અરજદારની સમગ્ર ઉલટતપાસને ઘ્યાને લેતા અરજદારે અમો સામાવાળા સંસ્થામાં અમોના કામદાર તરીકે કામ કરેલ હોવાનું કોઈપણ સંજોગોમાં પુરવાર થતું નથી.

–વધુમાં જણાવવાનું કે, અરજદારે હાલની ટી અરજીમાં આંક–૧૫ થી બી.આઈ.આર. એકટની કલમ–૧૧૯(ડી) હેઠળની દરમ્યાન મનાઈ અરજી કરેલ જે અરજી ઉપર આપ નામદાર કોર્ટે તા.૦૩/૦૬/૧૪ ના રોજનો હુકમ કરેલ જે હુકમને ઘ્યાને લેવો ખુબ જ જરૂરી છે. એ હુકમના પેરા–૫ માં આપ નામદાર કોર્ટે સ્પષ્ટપણે જણાવેલ છે કે '' જયારે અરજદારે એ હકીકત સ્વીકારેલ છે કે સામાવાળાની સંસ્થા માર્ચ'૧૩ માં સંપૂર્ણપણે બંધ થઈ ગયેલ છે. તેથી અરજદારે તેઓને નોકરીમાં પુન:સ્થાપિત કરવા જે દાદ માંગેલ છે તે જો સામાવાળાની સંસ્થામાં અરજદાર કામદાર હોય તેવી હકીકત પુરવાર કરવામાં સફળ થાય તો જ આપવાની રહે છે. તે સંજોગો ઘ્યાને લેતાં અને પડેલા દિવસોના પગારની ગણતરી પણ જે અરજીમાં પક્ષકારો દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા આધારે નિર્ણય કરવાનો રહે છે.'' તેને ઘ્યાને લેતાં હાલની ટી અરજીમાં અરજદાર અમો સામાવાળા સંસ્થા નં–૧ માં કામદાર હોય તેવી હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ નથી. આથી તે સંજોગોમાં તેમના પુન:સ્થાપનનો કે પડેલા દિવસોના પગારનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

–હાલના કામમાં અમો સામાવાળાએ આંક–૫૭ ના લીસ્ટથી અમો સામાવાળા સંસ્થા નં–૧ ના એપ્રિલ'૦૫ થી માર્ચ'૦૮ સુધીના અસલ પગાર પત્રકો રજુ કરેલ છે અને ત્યારબાદ આંક–૫૯ થી અરજી આપી અમો સામાવાળા નં–૧નાએ આ પગારપત્રકોને આંક આપવા અરજ કરેલ જેને નામદાર કોર્ટે રેકોર્ડેડ કરેલ છે તે સંજોગોમાં આ પગારપત્રકો પુરવાર દસ્તાવેજો હોય તેને ઘ્યાને લેવા ખુબ જ જરૂરી છે અને જેમાં અરજદારનું નામ નથી જેના પરથી સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, અરજદારે અમો સામાવાળા સંસ્થામાં કામ કરેલ નથી અને અરજદાર અને અમો સામાવાળા વચ્ચે માલિક–કામદારનો સંબંધ અસ્તિત્વમાં નહોતો અને નથી.

–આંક–૨૮ થી અમો સામાવાળા નં–૧ સંસ્થાએ સંસ્થાના ભાગીદારશ્રી શૈલષભાઈ મુળચંદભાઈ ભરૂચાને તપાસેલ છે જેઓની અરજદાર તરફથી કરવામાં આવેલ સમગ્ર ઉલટપતાસ મા નીચે મુજબ છે.''હું આ કેસના અરજદારને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે અરજદાર મેઈનટેનન્સ ખાતામાં મીકેનીકલ ફીટર તરીકે કામ કરતો હતો. મેઈનટેનન્સ ખાતામાં ચોકકસ કામદારોની સંખ્યા નકકી હોતી નથી. કામ મુજબ જરૂરિયાત રહે. અમારે ત્યાં મેઈનટેનન્સ ખાતામાં ૮ થી ૧૦ કામદારો કામ કરે છે. તેમના હાજરીપત્રક અને પગારપત્રક નિભાવું છું. તે મેં આ કેસમાં રજુ કરેલ નથી. જરૂર પડશે તો હું હજુ કરીશ. મને આંક–૧૦ હેઠળ થયેલ હુકમ બતાવવામાં આવે છે તે હુકમ મુજબ દસ્તાવેજો રજુ કરેલ છે કે કેમ તે મને હાલમાં યાદ નથી. તે અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો મળશે તો આવતી મુદતે હું રજુ કરીશ. મને નિ–૧૯/૪ બતાવવામાં આવે છે તે મશીનરીનો વેચાણ કરાર છે. આ કરારના પાના નં–૪ માં જણાવેલ ક્રમ નં–૧ થી ૧૪ મુજબની મશીનરી અમોએ વેચાણ કરી દીધેલ છે. અરજદાર અમારો કામદાર ન હતો તેથી તેમને આવા કોઈ દસ્તાવેજ આપેલ નથી. અમારી સંસ્થા માર્ચ–૨૦૧૩ થી બંધ થયેલ છે.

પ્રશ્ન: સંસ્થા બંધ કરવા કોઈ સરકાર પાસેથી પરવાનગી લીધેલ છે?

જવાબ: અમોએ સંસ્થા બંધ કરી નથી પરંતુ કારીગરના પ્રશ્નો ઉદ્ભવેલ હોય, અંદર કામ કરતા અન્ય કામદારો પણ કામે આવતા બંધ થઈ ગયા અને જોબ વર્ક જે મળતુ હતુ તે પણ આ કારણે માલ લઈ ગયેલ હતા. તેથી અમો ઉત્પાદન કરી શકીએ તેમ ન હતા. આમ, અમોએ ઉત્પાદન પ્રક્રિયા બંધ કરેલ અને પાછી ચાલુ થઈ જશે તેવી આશા રાખેલ પરંતુ ફેબ્રુ'૨૦૧૩ સુધી પણ અમુક કામદાર હતા પરંતુ તેઓ પણ ધીમે ધીમે જતા રહેલ અને ફરી ઉત્પાદન પ્રક્રિયા ચાલુ થઈ શકેલ ન હતી. અને કામદારો આવતા ન હોય અમારે ફરજિયાતપણે સંસ્થા બંધ કરવી પડેલ હતી. એ વાત ખરી છે કે અમો કાયદા મુજબના કોઈ પત્રક રાખતા ન હતા તેથી અમારા વિરૂધ્ધ ફરીયાદો થયેલી અને તે ફરીયાદો મુજબ અમોએ ગુનો કબુલ કરેલો. સાહેદ જણાવે છે કેલ અમો નિયમ અનુસાર દસ્તાવેજી પુરાવા રાખીએ છીએ પરંતુ જયારે નીરીક્ષક સંસ્થામાં આવેલ ત્યારે તેઓને નીરીક્ષણ માટે આ દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડેલ ન હોય જેથી આ ફરીયાદ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, કામદારની અમોએ કોઈ ખાતાકીય તપાસ કરેલ ન હતી તથા તેમને કોઈ વળતર આપવામાં આવેલ નથી. સાહેદ જણાવે છે કેલ તેઓ અમારા કામદાર જ ન હતા. ઉપરોકત ઉલટતપાસને ઘ્યાનમાં લેતા સાક્ષી સ્પષ્ટપણે જણાવે છે કે, અરજદારને તેઓ ઓળખતા નથી. અરજદારને તેઓએ કામે રાખેલ નથી. અરજદારની મૂળ અરજીની વિગત ખોટી છે અને અરજદાર તરફે તેમની મૂળઅરજીમાં લખેલ હકીકતો પુરવાર કરી શકેલ નથી જેના પરથી સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, અરજદારે અમો સામાવાળા સંસ્થામાં કયારેય કામ કરેલ નથી અને અરજદાર અને સામાવાળા

વચ્ચે માલિક–કામદારનો સંબંધ અસ્તિત્વમાં નહોતો અને નથી.

– વધુમાં, આંક–૭૦ થી અમો સામાવાળા સંસ્થાના ભાગીદારશ્રી મનીષ બલ્લુભાઈ ભરૂચાએ જુબાની આપેલ છે અને તેઓની અરજદાર તરફથી કરવામાં આવેલ ઉલટપતાસમા મુખ્યત્વે જણાવેલ છે કે,એ વાત ખરી છે કે કામદારના ઓળખકાર્ડ રજીસ્ટર અમે નિભાવીએ છીએ. એ વાત ખરી છે કે અમે કામદારને હાજરીકાર્ડ આપીએ અને પગારચીઠ્ઠી આપીએ અને ઓળખકાર્ડ આપીએ છીએ.અરજદારને શરૂઆતથી હાજરીકાર્ડ અને પગારચીઠ્ઠી તથા ઓળખકાર્ડ આપતા ન હતા તેના જાવાબમાં જણાવુ છુ કે અરજદારે અમારે ત્યાં કામ કરેલ નથી તેથી આપેલ નથી. અરજદાર અમારો કામદાર ન હતો તેથી તેને વળતર આપવાનો પ્રશ્ન નથી. એ વાત ખરી નથી કે અરજદાર અમારી સંસ્થામાં કામ કરતો હોવા છતાં તેને કોઈ લાભો આપવા ન પડે તેથી કામદાર નથી તેવી ખોટી તકરાર ઉભી કરી ખોટી જુબાની આપુ છુ.'' પરોકત ઉલટતપાસને ઘ્યાનમાં લેતા સાક્ષી સ્પષ્ટપણે જણાવે છે કે, અરજદારને તેઓ ઓળખતા નથી તથા અરજદારે કયારેય સંસ્થામાં કામ કરેલ નથી. તેમજ કામ કરતા કામદારોને સંસ્થા તરફથી હાજરીકાર્ડ, પગારચીઠ્ઠી, ઓળખકાર્ડ વિગેરે આપવામાં આવતા હતા. જો અરજદારે સંસ્થામાં કામ કર્યુ હોત તો તેમની પાસે આવા આધાર પુરાવા અચુક હોત આમ જેના પરથી સ્પષ્ટપણે પુરવાર થાય છે કે અરજદારે અમો સામાવાળા સંસ્થામાં કયારેય કામ કરેલ નથી અને અરજદાર અને સામાવાળા વચ્ચે માલિક – કામદારનો સંબંધ અસ્તિત્વમાં નહોતો અને નથી.

– અરજદાર તરફે જે આંક–૩૫ થી ફોજદારી ફરીયાદોના પુરાવા રજુ કરેલ છે તે તમામ ફરીયાદ ૨૦૦૫ ના સમયગાળાની હોય તે ફરીયાદને હાલની ટી.અરજી સાથે કાઈ લેવા દેવા નથી અને આ ફરીયાદોને ઘ્યાને લેતા હાજરીપત્રક, પગાર પત્રક કામના સ્થળે રાખેલ ન હોવા બાબતે તેમજ રજુ કરેલ ન હોવા બાબતની છે. તે સંજોગોમા હાજરીપત્રક, પગારપત્રક રાખતા ન હોવાનુ પુરવર થતુ નથી. આ ફરીયાદો દસ્તાવેજો નિરીક્ષણ માટે આવ્યા ત્યારે રજુ થયેલ ન હોવાથી ફરીયાદો થયેલ છે. એનો અર્થ એવો નથી કે સામાવાળા નં.૧ હાજરીપત્રક અને પગારપત્રક કે સાહીત્યો રાખતા ન હતા.

–સંસ્થા બંધ કરવા સબંધેની સત્તા તથા કાયદેસર બંધ કરવામા આવેલ છે કે કેમ તે અંગે ન્યાય નિર્ણય કરવાની સત્તા આપ નામદાર કોર્ટને નથી. વધુમા અરજદારનુ આ બાબતેનુ કોઈ પ્લીડીંગ અરજદારની અરજીમા નથી. અરજદાર તરફથી પ્લીડીંગ બહારની દલીલ કરેલ છે. જેથી આઈ.ડી.એકટની કલમ–૨૫(ઓ) મુજબની કોઈ પરવાનગી લેવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. જેથી અરજદારની આવી દલીલ ટકી શકતી નથી અને હાલની અરજી રદ થવાને પાત્ર છે.

**(૧૧)** વધુમા તેઓની રજુઆતના સર્મથનમા આંક–૧૦૧ થી નીચે મુજબના રજુ ચુકાદાઓ પર આધાર રાખેલ છે.

| ક્રમ નં. | ઓથોરીટીની વિગત |
|---|---|
| 1 | 1994(0)AIJ-PH1611023 |
| 2 | 2004 (11) LLj 253 (SC) |
| 3 | 2008 (2) GLH 45 (SC) |
| 4 | 2006 (O) GLHEL SC 37344 (SC) |
| 5 | 2013 (2) GLH 431 (GUJ HC) |
| 6 | 2017 LLR 909 (DEL HC) |
| 7 | 2013 LLR 927 (ALL HC) |
| 8 | 2016 LLR 105 (DEL HC) |
| 9 | 2015 LLR 850 (BOM HC) |
| 10 | 2016 LLR 187 (P & h HC) |
| 11 | 2020 LLR 919 (DEL HC) |
| 12 | 2004 (103) FLR 192 (SC) |
| 13 | 2002 LLR 339 (SC) |
| 14 | 2006 LLR 851 (DEL HC) |
| 15 | 2015 LLR 641 (P & H HC) |
| 16 | 2014 (141) FLR 532 (SC) |
| 17 | 2014 (140) FLR 1005 (SC) |
| 18 | 2001 LLR 823 (JHA HC) |
| 19 | 1999 (1) LLJ 1028 (SC) |
| 20 | 2012 (1) GLR 421 (GUJAHC) |
| 21 | 2018 (0) AIJEL-SC 62781 (SC) |
| 22 | 2020 LLR 22 (MP HC) |
| 23 | 2020 LLR 938 (RAJ HC) |
| 24 | 2024 LLR 26 (P & H HC) |
| 25 | નામદાર પાંચમી મજુર અદાલતે કરેલ ટી. અરજી નં.૩૧/૦૧ અને ટી અરજી નં .૩૨/૦૧ માં કરેલ હુકમની નકલ. |
| 26 | 2001(2)GLH545(SC) |
| 27 | નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પે.સી.એ.નં.૬૮૨૪/૨૦૧૭ તા.૧૭/૧/૨૦૧૮ ના રોજ કરેલ હુકમની નકલ. |
| 28 | 2015(0)AIJEL-HC232801 |

**(૧૨)** આ કામના સામાવાળા તરફથી અરજદાર તરફે જે આંક–૯૭ થી રજુ કરેલ ચુકાદા કેવી રીતે હાલના કેસમા લાગુ પડતા નથી તે બાબતે જે આંક–૧૦૦ થી રજુ કરેલ લેખિત દલીલમા જ રજુઆત કરેલ છે તેને ટુંકમા જોઈએ તો,

(૧) અરજદાર તરફે નામદાર સુપ્રિમ કોર્ટનો આર. એમ. ચેલટ્ટી વિરૂધ્ધ આસી. નો ચુકાદો રજુ કરેલ છે તે કેસની હકીકતને આ કેસ સાથે કશું લાગતું વળગતું નથી. ઉપર જણાવ્યા મુજબ આંક–૧૦ ઉપર

નામદાર કોર્ટે કરેલ હુકમનો અમલ કરવામાં આવેલ છે. આથી અમો સામાવાળા સંસ્થાએ હુકમ મુજબના પુરેપુરા દસ્તાવેજો નહીં રજુ કરવા બાબતે કોઈ સંતોષજનક ખુલાસો જુબાનીમાં આપેલ ન હોવાની અરજદારની દલીલ ખોટી છે અને ટકી શકતી નથી. કાયદાની જોગવાઈ જોતા કોઈપણ સંજોગોમાં સામાવાળા સંસ્થા વિરૂધ્ધ એડવરર્સ ઈનફરન્સ ડ્રો થઈ શકતું નથી. જાણી જોઈને દસ્તાવેજો રજુ કરેલ ન હોવાની દલીલો પણ ખોટી છે અને ટકી શકતી નથી. આવી કોઈ હકીકત અરજદારે આપ નામદાર કોર્ટ સમક્ષ પુરવાર કરેલ નથી પરંતુ ફકત ને ફકત નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. અરજદારે અમો સામાવાળા સંસ્થામાં કયારેય નોકરી કરી નથી. આથી તેઓની અરજીમાં જણાવ્યા મુજબના સમયગાળાના દસ્તાવેજો રજુ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને સંસ્થાએ નહીં રજુ કરેલ દસ્તાવેજોથી અરજદારે કામ કરેલ હોવાનું સાબિત થતું હોવાની અને હકીકત છૂપાવવા દસ્તાવેજો સામાવાળાએ જાણીજોઈને રજુ કરેલ ન હોવાની અને નામદાર સુપ્રિમ કોર્ટનો આ ચૂકાદો અરજદારના કેસને લાગુ પડતો હોવાની તમામ હકીકત ખોટી છે.

(૨) ૨૦૧૦ (૨) જીએલએચ ૨૧૪ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ વિરૂદ્ધ કટુબેન ટપુભાઈનું ગુજરાત હાઈકોર્ટના કેસમાં સ્પષ્ટ એક વખત કામદાર દ્વારા પુરાવો આપવામાં આવે અને તે આધારે ૨૪૦ દિવસનું કાર્ય સ્પષ્ટપણે સ્થાપિત કરવામાં આવે ત્યારે કામદાર દ્વારા જણાવવામાં આવેલ હકીકતોને ખોટી સાબિત કરવા માટેના ખંડનાત્મક પુરાવા તરીકે તમામ સંબંધિત રેકર્ડ કે પુરાવા રજૂ કરવાની સાબિતીનો બોજો એમ્પ્લોયર ઉપર આવે છે તેવું જણાવેલ હોવા બાબત તકરાર નથી. અરજદારના કેસમાં અરજદાર તરફથી સામાવાળાના કબજામાં રહેલ દસ્તાવેજો રજુ કરવા માટે અરજી આપવામાં આવેલ હોવા બાબત તકરાર નથી પરંતુ પાછળથી બનાવટી અને બોગસ દસ્તાવેજો આ કામે આંક–૫૭ ના લીસ્ટથી પગારપત્રક રજુ કરેલા છે આમ, અરજદાર તરફે ખોટી ખોટી દલીલો કરવામાં આવી રહેલ છે. વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચૂકાદામાં સંસ્થાએ કામદારના પુરાવાની વિરૂધ્ધમાં rebuttal evidence આપેલ ન હોવાથી તે સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ચૂકાદો આપ્યો છે. જયારે હાલના કેસમાં અમો સામાવાળાએ rebuttal evidence આપેલ છે અને હાલના કેસમાં અરજદારની ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓએ સંસ્થામાં કામ કર્યુ હોવાનું જ સ્થાપિત પુરાવાથી પુરવાર કરેલ નથી. તેથી ૨૪૦ દિવસ કામ કર્યાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને અમો સામાવાળાએ સ્થાપિત પુરાવાથી અરજદારે અમો સામાવાળાને ત્યાં કયારેય કામ કરેલ ન હોવાની અને અરજદાર તા.૧૨/૧૦/૨૦૦૭ ના રોજ સંસ્થાની નોકરીમાં જ નહોતાની હકીકત સ્પષ્ટપણે પુરવાર કરેલ છે. આથી નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચૂકાદો હાલના કેસમાં લાગુ પડતો નથી. આ ચૂકાદામાં પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે, burden lies on workman આથી અરજદારે ૨૪૦ દિવસથી વધુ દિવસો છેલ્લા વર્ષે નોકરી કરી હતી તેવું

વિરૂદ્ધ અનુમાન નામદાર કોર્ટે કરવું જોઇએ કે કેમ તેનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. અરજદારની સહી વાળા દસ્તાવેજો હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. કારણ કે અરજદારે અમો સામાવાળા સંસ્થામાં કયારેય કામ કરેલ નથી. આથી તેવા દસ્તાવેજો રજુ કરે તો અરજદારના કેસમાં અરજદારે ૨૪૦ દિવસ છેલ્લા વર્ષમાં નોકરી કરી હતી તેવું સાબિત થઈ શકતેનો પણ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેવું સાબિત ન થાય તે માટે થઈને સંસ્થાએ આવા રજીસ્ટર રજુ કર્યા ન હોવાનું તારણ કરવું જોઈતું હોવાની હકીકત તદ્રન ખોટી છે. આવું તારણ થઈ શકતું નથી. દસ્તાવેજી પત્રકોમાં અરજદારનું નામ હોવાની અને નામ હોવાથી આ પત્રકો અમો સામાવાળાએ નામદાર કોર્ટમાં જાણીજોઈને ઈરાદાપૂર્વક રજુ કરેલ ન હોવાની હકીકત તદ્રન ખોટી છે. અરજદારે તે હકીકત ખોટી રીતે ઉપજાવી કાઢી છે. નામદાર કોર્ટે શું તારણ આપવું તે અરજદાર કહી શકતા નથી. અરજદારે તો ફકત નામદાર કોર્ટ સમક્ષ કઈ હકીકત પુરવાર થાય છે તે બાબત દલીલો કરવી જોઈએ. અરજદાર તરફે નેગેટીવ બર્ડન નાંખી પોતે પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું છૂપાવી રહેલ છે. ઉપર જણાવ્યા મુજબની હકીકત હોવાથી અમો સામાવાળા સામે એડવર્સ ઈન્ફરન્સ ડ્રો કોઈપણ સંજોગોમાં થઈ શકતું નથી અને અરજદારનો તે માટે કોઈ યોગ્ય કેસ નથી. અમો સામાવાળાએ ખોટા અને બોગસ રજીસ્ટર રજુ કર્યા હોવાની હકીકત ખોટી છે.

<u>(૩)</u> નામદાર સુપ્રિમ કોર્ટે દીપાલી ગુન્ડુ સુરવાજેના કેસમાં એકથી સાત ગાઈડ લાઈન્સ જાહેર કરેલ છે જે પ્રમાણે અંતિમ હુકમ કરવા અદાલત બંધાયેલી હોવાની હકીકત ખોટી છે. સદર જજમેન્ટ ૨૦૧૩ (૧૩૯) એફએલઆર પાનું નં ૫૪૧ થી ૫૫૬ ઉપર આપવામાં આવેલ હોવા બાબત તકરાર નથી અને તે ગાઈડ લાઈન્સ અન્વયે નં.(૧) ગાઈડ લાઈનમાં જયારે નોકરીમાંથી કાઢી મુકવાનો હુકમ ખોટો ઠરે તો નોકરીમાં પડેલા દિવસોના પગાર અને નોકરીની સાતત્યતા સાથે પુન:સ્થાપિત કરવાનો નોર્મલ રૂલ જાહેર કરેલ છે તે, તે કેસની હકીકતને ધ્યાને લઈને કરેલ છે. આથી તેનો અર્થ માત્ર અપવાદ રૂપ કિસ્સામાં જ ઉપરની ગાઈડ લાઈનમાં ફેરફાર થઈ શકે તેવો થાય તે હકીકત ખોટી છે. અમોએ રજૂ કરેલ ચૂકાદાઓથી તેવું પુરવાર થાય છે. અરજદારે ટી અરજીમાં માંગેલ દાદ સાથે ઉપરની ગાઈડ લાઈન પૂરેપૂરી બંધ બેસતી હોવાની અને અરજદારે બેકાર હોવાનું તથા નોકરી ધંધામાંથી કોઈ આવક ન હોવાનું તેમજ નોકરી મેળવવા અન્ય સંસ્થાઓમાં પ્રયાસ કરેલ હોવાનું પુરવાર કરેલ નથી અને અરજદાર બેકાર હોવાની કે અન્ય નોકરી ધંધામાંથી કોઈ આવક મેળવતા ન હોવાની હકીકત ખોટી છે. ખરી હકીકતમાં અરજદારે સામાવાળા સંસ્થામાં કયારેય કામ કરેલ નથી અને અરજદાર અને અમો સામાવાળા વચ્ચે માલિક–કામદારનો સંબંધ અસ્તિત્વમાં નહોતો અને નથી. આથી પડેલા દિવસોના પગારનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આથી પડેલા દિવસોના પગાર બાબતે લાંબી નોકરી હોય તો તે પણ

ધ્યાનમાં રાખવાનું સુપ્રિમ કોર્ટે ગાઈડ લાઈન નં.(૨) માં જણાવેલ હોવાનો અને ગાઈડ લાઈન નં.(૩) માં કામદાર નીચલી કોર્ટ રૂબરૂ કામદાર વેતનવાળી નોકરી ધરાવતા ન હોવાનું જુબાનીમાં જણાવે તો તે પૂરતું છે અને તેવા સંજાગોમાં કામદાર બેકાર નથી અને આવક ધરાવે છે તેવો નકકર પુરાવો માલિકે આપવો પડે તેવું જણાવેલ હોવાનો અને નોકરી ધંધો નથી તે નકારાત્મક રજુઆત અંગે કોઈ પુરાવો મેળવી શકાય નહી જયારે માલિક જો એમ કહે કે કામદાર નોકરી ધંધાથી આવક મેળવે છે તો તે પોઝીટીવ યાને વિધાયક રજુઆત થઈ કહેવાય જેનો નકકર પુરાવો મળી શકે છેનો હાલના કેસમાં પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ ગાઈડ લાઈન સુપ્રિમ કોર્ટની અરજદારના હાલના કેસમાં પણ લાગુ પડી શકતી નથી અરજદારના જણાવ્યા પ્રમાણે ટી અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવાની જરૂર હોવાની હકીકત ખોટી છે. અરજદારને ટી અરજીમાં માંગ્યા મુજબની દાદ મળી શકતી નથી.

<u>(૪)</u> અરજદારે રજૂ કરેલ પડેલા દિવસોના પગાર બાબતે સુપ્રિમ કોર્ટનો ભૂવનેશકુમાર દ્ધિવેદીનો કેસ જે ૨૦૧૪ એલએલઆર પાનું ૬૭૩ પર આવેલ છે તે કેસની હકીકત અને હાલના કેસની હકીકત અલગ હોઈ આ ચૂકાદો હાલના કેસમાં લાગુ પડતો નથી.

<u>(૫)</u> વધુમાં,અરજદારે જે ૨૦૦૪ સુપ્રિમ કોર્ટ કેસ (એલએન્ડએસ) ૧૦૮૧ નીફ્રસ (ઈન્ડીયા) લુમ્સ વિ. રામ સુરત અને બીજાઓ વાળો કેસ રજુ કરેલ છે તેને ધ્યાનમાં લેતા તે ચૂકાદાના પેરા–૧૭ ધ્યાને લેતાં તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે જયારે શહેરમાં ઉદ્યોગોની સંખ્યા વધુ હોય ત્યારે કામદારને નોકરી મળવાની શકયતા સૌથી વધારે હોય છે. તેને ધ્યાને લઈ ૨૫% બેકવેજીસનો હુકમ કન્ફર્મ રાખ્યો હતો. હાલના કેસમાં અરજદારની ઉલટતપાસ જોતા અરજદાર ગેઈનફુલ એમ્પ્લોયમેન્ટમાં હતા એવું સ્પષ્ટપણે પુરવાર થાય છે આથી અરજદારે રજુ કરેલ ચુકાદો કોઈપણ સંજોગોમાં લાગુ પડતો નથી.

<u>(૬)</u> નામદાર સુપ્રિમ કોર્ટે સને ૨૦૧૦ એલ.એલ.આર ૩૩૫ ના હરજીન્દરાય વિરૂધ્ધ પંજાબ સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના કેસમાં આપેલ જડજમેન્ટ મુજબ એવી ભ્રમણા જે હાલ ઉભી થઈ છે કે કોર્ટ દ્ધારા ઉદારીકરણની ઔદ્યોગિક નિતિ ધ્યાનમાં લઈ ગરીબ નબળા દલીત આદિવાસીઓ કે કામદારોના શોષણ દૂર કરવાની નીતિનો અમલ છોડી દીધેલ છે તે ભ્રમણા ખોટી છે અને નામદાર કોર્ટની ફરજ છે કે આવી ભ્રમણા દૂર કરી સાચો ન્યાય આપવો જોઈએ એવું જડજમેન્ટ નથી. મજકુર ચૂકાદામાં એવું જણાવવામાં આવેલ છે કે while exercising jurisdiction- High Courts are duty bound to keep in mind that the Industrial Disputes Act and other similar legislative instruments are social welfare legislations and the same are requires to be interoperated keeping in view the goals set out in the preamble of the constitution of India. જેને હાલના કેસ સાથે કોઈ સંબંધ નથી.

આથી આ ચૂકાદો હાલના કેસને લાગુ પડતો નથી. આથી તે ધ્યાને લેતા અરજી મંજુર કરવાનો કે અરજદારને નોકરીમાંથી છૂટા કરેલ હોવાનો કે છૂટા તારીખથી આજદીન સુધીના પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીના તમામ આનુષંગિક લાભો સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો અમો સામાવાળાને હુકમ ફરમાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી તથા આ અરજીના ખર્ચની રકમ અલગથી અમો સામાવાળા ચુકવી આપે તેવો પણ ન્યાયના હીતમાં યોગ્ય હુકમ ફરમાવી શકાતો નથી.

(૭) અરજદાર તરફે 1986 (0) GLHEL-SC 24502 એસ.જી.કેમીકલસ એન્ડ ડાઈઝ ટ્રેડીંગ ઈમ્પ્લોઈસ યુનિયન વિ. એસ. જી. કેમીકલ્સ એન્ડ ડાઈઝ ટ્રેડીંગ લિ. નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે તે બાબત જણાવવાનું કે આ ચુકાદો હાલના કેસમાં લાગુ પડતો નથી. કારણ કે હાલના કેસની હકીકત અને ચુકાદાની હકીકત અલગ અલગ છે તેમજ ઉપર જણાવ્યા પ્રમાણે અરજદારે કરેલ ટી અરજીના કામમાં સામાવાળા સંસ્થાએ ગેરકાયદેસર કે કાયદેસર બંધ કરેલ છે કે કેમ તે નકકી કરવાનું નથી. તેમ છતાં જણાવવાનું કે, આંક–૨૮ ના સામાવાળા સાહેદની જુબાનીમાં સંસ્થા કઈ રીતે બંધ થઈ તે સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે જેને ધ્યાને લેતા તે કલોઝર નથી તેમજ સંસ્થાએ કલોઝર કર્યુ નથી. અરજદાર તરફે જે ચુકાદો રજુ કરેલ છે તે ચુકાદામાં સંસ્થાએ કલોઝર કર્યુ હોય તે અંગેનો છે તેથી તે હાલના કેસમાં લાગુ પડતો નથી. આ ઉપરાંત જણાવવાનું કે, અરજદારની આંક–૧ ની મૂળ અરજી ધ્યાને લેતા અરજદારે સંસ્થા ગેરકાયદેસર બંધ કરવામાં આવેલ હોય તેવું પ્લીડીંગ લીધેલ નથી આથી અરજદાર પ્લીડીંગની બહારની દલીલો કરી શકતા નથી અને અરજદારની તેવી દલીલ ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. આથી અરજદારનો આ ચુકાદો હાલના કેસમાં લાગુ પડતો નથી.

(૮) અરજદાર તરફે AIR 1996 SC 1282 વઝીર ગ્લાસ વર્કસ લિ. વિ. મહારાષ્ટ્રા જનરલ કામગર યુનિયન એન્ડ અનધર રજુ કરવામાં આવેલ છે તે બાબત જણાવવાનું કે, આ ચુકાદો આઈ.ડી.એકટ હેઠળ સંસ્થાએ કલોઝર પરમીશન માંગી હોય અને તે પરમીશનના નિર્ણય ઉપર ૧ વર્ષની અંદર રીવ્યુ થઈ શકે તે અંગેનો છે જે હાલના કામમાં લાગુ પડતો નથી. વધુમાં હાલના કેસની હકીકત અને આ ચુકાદાની હકીકત અલગ અલગ છે તેમજ ઉપર જણાવ્યા પ્રમાણે અરજદારે કરેલ ટી અરજીના કામમાં સામાવાળાએ સંસ્થા ગેરકાયદેસર કે કાયદેસર બંધ કરેલ છે કે કેમ તે નકકી કરવાનું નથી. તેમ છતા જણાવવાનું કે, આંક–૨૮ થી શૈલેષભાઈ ભરુચા એ આપેલ જુબાનીમાં સંસ્થા કઈ રીતે બંધ થઈ તે સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે જેને ધ્યાને લેતા તે કલોઝર નથી તેમજ સંસ્થાએ કલોઝર કર્યુ નથી. અરજદાર તરફે જે ચુકાદો રજુ કરેલ છે તે ચુકાદામાં સંસ્થાએ કલોઝર કર્યુ હોય તે અંગેનો છે તેથી તે હાલના કેસમાં લાગુ પડતો નથી.

<u>(૯)</u> અરજદાર તરફે નામદાર મજુર અદાલત, અમદાવાદે રીકવરી (સી–૨) અરજી નં–૧૧૧૪/૨૦૧૭ નો ચુકાદો રજુ કરેલ છે પરંતુ તે ચુકાદાની હકીકત અને હાલની ટી અરજીની હકીકત અલગ અલગ છે. તેમજ ઉપર જણાવ્યા પ્રમાણે હાલની ટી અરજી ગેરકાયદેસર કલોઝર અંગેની ન હોવાથી આ ચુકાદો લાગુ પડતો નથી. જેથી ઉપરોકત દલીલોનો ઘ્યાને લઈ અરજદારની આંક–૧ ની અરજી રદ કરવા મહેરબાની રાહે હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**(૧૩)..**ઉપરોકત વિગતે બંને પક્ષોના પક્ષ નિવેદન, પડેલ પુરાવા તથા દલીલ આધારે મારી સમક્ષ હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>–::મુદ્દાઓ::–</u>

(૧) શું આ કામના અરજદારને સામાવાળાએ તા.૧૨/૧૦/૨૦૦૭ ના રોજ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ?

(૨) શું અરજદાર પડેલા દિવસોના પગાર તેમજ સળંગ નોકરી સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવાની દાદ અથવા તો અન્ય કોઈપણ દાદ મેળવવા હકકદાર બને છે ?

(૩) શું હુકમ ?

**(૧૪)..**ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો (મુલ્યાંકન)નીચે મુજબના છે.

(૧) **નકારમાં.**
(૨) **નકારમાં.**
(૩) **આખરી હુકમ મુજબ.**

<u>–::નિર્ણયો માટેના કારણો::–</u>

**<u>મુદદા નં.૧ અને ૨</u>**

**(૧૪.૧)** ઉપરોકત મુદદા નં.૧ અને ૨ ની હકીકત એક બીજા સાથે સંકળાયેલ હોય ન્યાયિક સરળતા ખાતર બન્નેની ચર્ચા એકી સાથે કરવામા આવે છે. આ કામે સદર મુદદાની ચર્ચા કરતા પહેલા આ કામે અરજદાર તથા સામાવાળાઓ તરફે જે કોઈ પણ મૌખીક પુરાવો રજુ થયેલ છે તેને જરૂર પુરતો અત્રે જોઈએ તો,

➢ આ કામે અરજદાર તરફે આંક–૮ થી જુબાની પ્રથમ રજુ કરેલી ત્યારબાદ આ કામના સામાવાળા તરફથી જવાબ રજુ થતા આંક–૧૩ થી વધુ સરતપાસ રજુ કરેલ છે. જેની સામાવાળા તરફે જે ઉલટ તપાસ કરેલ છે તેમાં તેઓ એ એવી હકીકત જણાવેલ છે કે, અમે કેસ માત્ર ભરૂચા એન્ડ સન્સની સામે કરેલ છે. બાકીની બે સંસ્થા સામે કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળાની ત્રણેય સંસ્થા એક સાથે જ એક જ જગ્યાએ ચાલે છે તેવુ બતાવવા મારી પાસે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે ભરૂચા એન્ડ સન્સ પણ બંધ થઈ ગયેલ છે. ખરી હકીકતે મે ભરૂચા એન્ડ સન્સમાં જ કામ કરેલ છે. એ વાત ખરી છે કે સામાવાળા નં.૨ તથા ૩ ની સંસ્થા સાથે મારે કોઈ લેવા દેવા નથી. એ વાત

ખરી છે કે મે જણાવેલ વ્યકિતઓ સંચાલન દેખરેખ વગેરે કરતા હોય તે બતાવવા મારી પાસે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે પેરા–૩ માં જણાવ્યા મુજબના દસ્તાવેજો આપતા ન હતા તે બાબતે લેખિતમાં કયારેય સંચાલકને ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે અરજી તથા સોગંદનામામાં જણાવ્યા મુજબ દર દિવાળી એ સામાવાળાઓ છાપેલા વાઉચર તથા કાગળ ઉપર સહી લેતા હતા તે બાબતે કોર્ટમાં કે પોલીસ સ્ટેશનમાં સંચાલક વિરુધ્ધ કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે પેરા–૩ માં જણાવેલ હકકો બાબતે કોઈ લાગતા વળગતા અધિકારી સમક્ષ લેખિત કે મૌખીક ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળાની સંસ્થાઓમાંથી કયારેય પગાર લીધેલ હોય તે બતાવવા કોઈ પુરાવા નથી. હું ઓરિસ્સાનો વતની છુ. દિવાળી વખતે હુ ગામ જાઉ છુ. ૨૦૦૭ના વર્ષમાં દિવાળીમાં હુ મારે ગામ થયેલ ન હતો. એ વાત ખરી છે કે તા.૧૨/૧૦/૦૭ ના રોજ કંપનીમાં કામ કરતો હતો તે બતાવવા મારી પાસે કોઈ પુરાવા નથી. એ વાત ખરી છે કે મને તા.૧૨/૧૦/૦૭ ના રોજ મને સંસ્થામાંથી કાઢી નાખવામાં આવેલ તે બતાવવા પણ કોઈ પુરાવા મારી પાસે નથી. એ વાત ખરી છે કે અરજી તથા સોગંદનામામાં જણાવેલ હકીકત બાબતે મે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળાની સંસ્થામાં ૭૦૦ કામદાર કામ કરતા હોય તે બતાવવા પણ મારી પાસે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે આ કેસ દાખલ કરતા પહેલા મે નોટીસ મોકલેલ નથી. સાહેદ જણાવે છે કે યુનિયનવાળા પ્રતિનિધિએ મોકલેલ હતી. એ વાત ખરી છે કે મે ઉધના પાંડેસરા,સચીન વિસ્તારમાં નોકરી શોધવા પ્રયત્ન કર્યા હોય તે બતાવવા કોઈ પુરાવા નથી.

➤ આંક–૨૮ થી સામાવાળા નં–૧ સંસ્થાએ સંસ્થાના ભાગીદાર શ્રી શૈલષભાઈ મુળચંદભાઈ ભરૂચાને તપાસેલ છે જેઓ અરજદાર તરફેની ઉલટતપાસમા મુખ્યત્વે એવી હકીકત જણાવે છે કે,''હું આ કેસના અરજદારને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે અરજદાર મેઈનટેનન્સ ખાતામાં મીકેનીકલ ફીટર તરીકે કામ કરતો હતો. મેઈનટેનન્સ ખાતામાં ચોકકસ કામદારોની સંખ્યા નકકી હોતી નથી. કામ મુજબ જરૂરિયાત રહે. અમારે ત્યાં મેઈનટેનન્સ ખાતામાં ૮ થી ૧૦ કામદારો કામ કરે છે. તેમના હાજરીપત્રક અને પગારપત્રક નિભાવું છું. તે મેં આ કેસમાં રજુ કરેલ નથી. જરૂર પડશે તો હું હજુ કરીશ. મને આંક–૧૦ હેઠળ થયેલ હુકમ બતાવવામાં આવે છે તે હુકમ મુજબ દસ્તાવેજો રજુ કરેલ છે કે કેમ તે મને હાલમાં યાદ નથી. તે અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો મળશે તો આવતી મુદતે હું રજુ કરીશ. મને નિ–૧૯/૪ બતાવવામાં આવે છે તે મશીનરીનો વેચાણ કરાર છે. આ કરારના પાના નં–૪ માં જણાવેલ ક્રમ નં–૧ થી ૧૪ મુજબની મશીનરી અમોએ વેચાણ કરી દીધેલ છે. આ મશીનોમાંથી તમામ મશીનો અરજદાર કામ કરતા હતા ત્યારે હતા કે કેમ તે હાલમાં હું કહી શકું નહિ. આ મશીનોની સંખ્યા જણાવેલ છે તેનાથી વધુ મશીન પણ હોઈ શકે કે ઓછા પણ મશીન હોઈ શકે. એ વાત ખરી

છે કે પે.વે.અ.નં.૩૨૨/૧૨ માં થયેલ હુકમ વિરૂધ્ધ અરજદારે કરેલ પીટીશનમાં વેચનાર તથા લેનારે કોઈ મશીનરી વેચવાની કે ખસેડવાની નથી. એ વાત ખરી નથી કે અમો કામદારને હાજરીકાર્ડ, પગારચીઠ્ઠી, ઓળખકાર્ડ આપતા ન હતા. સાહેદ જણાવે છે કે જે તે સમયે બધુ જ રાખતા હતા. અરજદાર અમારો કામદાર ન હતો તેથી તેમને આવા કોઈ દસ્તાવેજ આપેલ નથી. અમારી સંસ્થા માર્ચ–૨૦૧૩ થી બંધ થયેલ છે. પ્રશ્ન: સંસ્થા બંધ કરવા કોઈ સરકાર પાસેથી પરવાનગી લીધેલ છે? જવાબ: અમોએ સંસ્થા બંધ કરી નથી પરંતુ કારીગરના પ્રશ્નો ઉદ્ભવેલ હોય, અંદર કામ કરતા અન્ય કામદારો પણ કામે આવતા બંધ થઈ ગયા અને જોબ વર્ક જે મળતુ હતુ તે પણ આ કારણે માલ લઈ ગયેલ હતા. તેથી અમો ઉત્પાદન કરી શકીએ તેમ ન હતા. આમ, અમોએ ઉત્પાદન પ્રક્રિયા બંધ કરેલ અને પાછી ચાલુ થઈ જશે તેવી આશા રાખેલ પરંતુ ફેબ્રુ'૨૦૧૩ સુધી પણ અમુક કામદાર હતા પરંતુ તેઓ પણ ધીમે ધીમે જતા રહેલ અને ફરી ઉત્પાદન પ્રક્રિયા ચાલુ થઈ શકેલ ન હતી. અને કામદારો આવતા ન હોય અમારે ફરજિયાતપણે સંસ્થા બંધ કરવી પડેલ હતી.એ વાત ખરી છે કે નિ–૩૧/૧ મુજબ બી.એન.પરમારે અમારા વિરૂધ્ધ ફરીયાદ જયુ.મેજી.ફર્સ્ટકલાસની કોર્ટમાં ૬૨૮એ/૦૫ દાખલ કરેલ હતી. એ વાત ખરી છે કે આ ફોજદારી કેસ લઘુતમ વેતન નીરીક્ષકે અમોએ જયારે સંસ્થા ઉપર કામદારોને પગારચીઠ્ઠી આપવામાં આવેલ ન હતી, હાજરીપત્રક રાખેલ ન હતા અને પગારપત્રક રાખેલ ન હોય લઘુતમ વેતન ધારાની કલમ તથા તે હેઠળના ગુજરાતના નિયમોના ૨૬(૧), ૨૬(૨) તથા ૨૬(૫) મુજબના ભંગ માટે આ ફરિયાદ કરવામાં આવેલ હતી.મને નિ–૩૧/૧૩ બતાવવામાં આવે છે જે અમારા વિરૂધ્ધ ફોજદારી કેસ નં. ૬૩૦એ/૦૫ છે જેમાં નિયમઅનુસાર વેતનના દરોની તથા નીરીક્ષકના નામસરનામાવાળી નોટીસ પ્રર્દશીત કરેલ ન હોય તથા ૨૦૦૩ ના રોજ પુરા થતા વાર્ષિક પત્રક નમુના નં .૩ સંકલિત વાર્ષિક પત્રક વગેરે લઘુતમ વેતન ધારા તથા તે હેઠળના નિયમો મુજબ નિયમ.૨૨ તથા નિયમ.૨૧(૪) ના ભંગ બદલ ફરીયાદ નોંધાવવામાં આવેલ હતી. એ વાત ખરી છે કે અમો કાયદા મુજબના કોઈ પત્રક રાખતા ન હતા તેથી અમારા વિરૂધ્ધ ફરીયાદો થયેલી અને તે ફરીયાદો મુજબ અમોએ ગુનો કબુલ કરેલો. સાહેદ જણાવે છે કે અમો નિયમ અનુસાર દસ્તાવેજી પુરાવા રાખીએ છીએ પરંતુ જયારે નીરીક્ષક સંસ્થામાં આવેલ ત્યારે તેઓને નીરીક્ષણ માટે આ દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડેલ ન હોય જેથી આ ફરીયાદ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કેલ ફરીયાદમાં જણાવ્યા મુજબ તા.૨૮–૧–૦૫ ના રોજ ફરીયાદમાં જણાવ્યા મુજબ સમયમર્યાદામાં પુર્તતા કરેલ ન હોય તા.૭–૪–૦૫ના રોજ આ ફરીયાદ દાખલ કરવામાં આવેલ હતી. એ વાત ખરી છે કે મને નિ–૭/૧ વાળો વિનંતીપત્ર અરજદારે મોકલાવેલ તે મને મળેલ હતો જે પત્ર રજી.એ.ડી.થી મોકલાવેલ તેની પહોંચ અસલ નિ–૭/૨ થી રજુ છે. તથા એકનોલેજમેન્ટ પહોંચ નિ–૭/૩ થી રજુ છે. તેમાં મારા ભાઈ મનીષભાઈની સહી છે.

નિ–૭/૧ થી નિ–૭/૩ ને રજુ આંક દાખલ આંક–૫૧ થી ૫૩ આપવામાં આવે છે. આ નોટીસનો અમે લેખીત જવાબ આપેલ કે તે યાદ નથી. આવો જવાબ અમે આપેલો કે તે રેકર્ડ જોઈને પણ આપેલ હોવાનું મને ખબર નથી. જે રેકર્ડ જોતા રજુ કરેલ હોય તેવું જણાતું નથી. તા.૭–૧૦–૦૯ ના રોજ લેખીત જવાબમાં જણાવેલ હકીકતોથી હું માહીતગાર છું. તે જવાબમાં લખેલ હકીકત હાલમાં મને યાદ નથી. એ વાત ખરી છે કે, કામદારની અમોએ કોઈ ખાતાકીય તપાસ કરેલ ન હતી તથા તેમને કોઈ વળતર આપવામાં આવેલ નથી. સાહેદ જણાવે છે કેલ તેઓ અમારા કામદાર જ ન હતા. એ વાત ખરી છે કે નિ–૧૯/૪ થી રજુ કરવામાં આવેલ મશીનરીઓના વેચાણ તથા કબજા સોંપ્યાના કરારની નકલ મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ ડીવીઝન બેંચના હુકમ મુજબ આ મશીનરીઓ ક્યાંય ખેસડવી નહિં તેવુ જણાવવામાં આવેલ છે. ભરૂચા એન્ડ સન્સની મિલકતનો હું એકલો માલિક ન હતો. અમો ત્રણ ભાગીદારો તેના માલિક હતા. એ વાત ખરી છે કે આ વેચાણ કરારમાં ભરૂચા એન્ડ સન્સના ત્રણેય ભાગીદારોએ સહી કરેલ નથી. મને એપ્રિલ–૨૦૦૫ નું પગારપત્રક બતાવવામાં આવે છે તેમાં કોઈપણ કામદારનો હોદ્દો જણાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે એપ્રિલ–૨૦૦૫ માં રેકર્ડ મુજબ અમારે ત્યાં ૩૦૫ કામદારો હતા. આ પગારપત્રક જોઈને કહુ છુ કે જે કામદારનો પ્રોફેશનેલ ટેક્ષ કાપવાપાત્ર હશે તેનો કાપેલો હશે.

- વધુમાં, આંક–૭૦ થી સામાવાળા સંસ્થાના ભાગીદારશ્રી મનીષ મુળચંદભાઈ ભરૂચાએ જુબાની આપેલ છે. જેઓ અરજદાર તરફેની ઉલટતપાસમા મુખ્યત્વે એવી હકીકત જણાવે છે કે,''આંક–૧ શુ છે તેની મને ખબર નથી. આ કેસમાં ભુતકાળમાં શું કાર્યવાહી થયેલી તેની મને ખબર નથી. જુબાનીની એફીડેવીટ રેકર્ડનો અભ્યાસ કરી રજુ કરેલ છે પરંતુ તે રેકર્ડનો ડીટેઈલ અભ્યાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે સંસ્થાએ શુ જવાબ રજુ કરેલ છે તેની મને ખબર નથી. તે જવાબમાં અરજદાર સંસ્થાના કામદાર નથી તેવી હકીકત જણાવેલી છે. જવાબમાં શૈલેષભાઈની સહી છે. શૈલેષભાઈએ રજુ કરેલ જવાબ મેં વાંચેલ નથી. શૈલેષભાઈએ રજુ કરેલ જવાબ બાબતે મને કોઈ જાતમાહીતી નથી.મને આંક–૧૩ વાળી એફીડેવીટ બતાવવામાં આવે છે તેમાં જણાવેલા કામદારો સંસ્થામાં કામ કરતા હતા કે કેમ તેના જવાબમાં જણાવુ છુ કે પગારપત્રક ચેક કરીને હુ કહી શકુ. એ વાત ખરી છે કે બધા કામદારોને હું નામથી પર્સનલી ઓળખી શકુ નહી. હુ અરજદારને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે સંસ્થામાં ૭૦૦ જેટલા કામદારો કામ કરતા હતા. કેટલા કામદારો કામ કરતા હતા તે હુ કહી શકુ નહી. આ કેસમાં શૈલેષભાઈની થયેલ જુબાની તેમજ ઉલટતપાસ મે વાંચેલી નથી. એ વાત ખરી છે કે અમારી સંસ્થામાં ૩ પાળી ચાલતી હતી. એક પાળીમાં કેટલા કામદારો કામ કરતા હોય તે હુ ચોકકસ કે અંદાજીત કહી શકુ નહી. અરજદારને શરૂઆતથી હાજરીકાર્ડ અને પગારચીઠ્ઠી તથા ઓળખકાર્ડ આપતા ન હતા તેના જાવાબમાં

જણાવુ છુ કે અરજદારે અમારે ત્યાં કામ કરેલ નથી તેથી આપેલ નથી. એ વાત ખરી નથી કે સંસ્થામાં કામ કરતા કામદારોને સંસ્થા પ્રદ્ધારા હાજરીકાર્ડલ પગારચીઠ્ઠી અને ઓળખપત્ર આપવામાં આવતા ન હતા. પગારપત્રક હુ જાતે બનાવતો ન હતો અમારી સંસ્થાના માણસ બનાવતા હતા. કામદારોને પગાર આપવાનુ કામ હુ કરતો ન હતો. એ વાત ખરી નથી કે આંક–૫૭ના લીસ્ટથી રજુ કરેલા પગારપત્રકો ખોટાલ બનાવટી અને ઉપજાવી કાઢેલા છે.નિ.૧૯/૪ વાળા કરાર મુજબની મશીનરીની સંસ્થામાં હાલ ઉપલબ્ધ નથી. અત્યારે સંસ્થા એ કરાર મુજબની મશીનરી હયાત નથી. નિ.૧૯/૪ આંક–૫૫ થી રજુ છે. મને આંક–૬૦ બતાવવામાં આવે છે તેમાં શૈલેષભાઈની સહી છે. આંક–૬૦ મુજબની મશીનરીઓ હાલ સંસ્થામાં હયાત નથી. એ કયારથી હયાત નથી તે ખબર નથી. સંસ્થા પર મારે રોજેરોજ મારે જવાનુ થતુ નથી. હું સંસ્થા પર ચાર–પાંચ મહીને એક જ વાર જાઉ છુ. સને ૨૦૧૭ માં નવેમ્બર કે ડીસેમ્બર માસમાં ગયેલ ચોકકસ સમય યાદ નથી. ત્યારે આંક–૬૦ મુજબની મશીનરી ત્યાં ન હતી. સામાવાળા સંસ્થા બંધ કરતા પહેલા સરકારની પરવાનગી લીધેલી કે કેમ તેના જવાબમાં જણાવુ છુ કે સામાવાળા સંસ્થા અમે બંધ કરેલ નથી. સરકારી મજુર અધિકારીએ આઈ.ડી.એકટ કલમ ૨૫–ઓ ના ભંગ બદલ નોટીસ આપેલ છે કે કેમ તેની મને ખબર નથી. સંસ્થામા કામ કરતા કામદારોને નોકરી પર હાજર થવા માટે કોઈ પત્રવ્યવહાર કરેલ નથી કે દૈનિક વર્તમાનપત્રમાં નોટીસ આપેલ નથી. હું સંસ્થામાં પરચેઈઝીંગ એકાઉન્ટ પેમેન્ટ વિભાગમાં કામ કરતો હતો અને કયારેક કયારેક કામદારોની હાજરી ચેક કરતો હતો. એ વાત ખરી નથી કે કોઈપણ કામદારને નોકરીમા રાખવાની અને નોકરીમાંથી કાઢી મુકવાની સત્તા મારી પાસે હતી. આ સત્તા જે તે ડીપાર્ટમેન્ટના હેડ અને શૈલેષભાઈ પાસે હતી. તા. ૧૨–૧ ૦–૦૭ના રોજ સંસ્થામાં શુ બનાવ બનેલો તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે આ કામના અરજદાર મેન્ટેનન્સ ખાતામાં માસીક રૂા.૫૫૦૦ ના પગારથી અરજી કર્યા અગાઉના ૧૦ વર્ષથી કામ કરતો હતો અને તેઓને તા. ૧૨–૧૦–૦૭ના રોજ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી મૌખિક હુકમથી કાઢી મુકેલા છે. આંક–૫૧ વાળા વિનંતીપત્રમાં સંસ્થાનુ સરનામુ સાચુ છે.આંક–૫૩ વાળી એકનોલેજમેન્ટ માં કોની સહી છે તેની મને ખબર નથી. મારા ભાઈ શૈલેષભાઈએ તેમની જુબાનીમાં આંક–૫૩વાળી એકનોલેજમેન્ટ રસીદમાં મારી સહી હોવાનું કબુલ કરેલ હોય તો તેની મને ખબર નથી. આંક–૫૧ વાળા વિનંતીપત્રમાં જણાવેલ સરનામે કોઈ પત્ર લખવામાં આવે તો સંસ્થાને મળી જાય. એ વાત ખરી છે કે આ કેસની નોટીસ પણ આ જ સરનામે મળેલ છે. આંક–૫૧ વાળા વિનંતીપત્રનો કોઈ જવાબ આપેલ કે કેમ તેની મને ખબર નથી. આ કેસમાં સંસ્થા તરફે જવાબ રજુ કરેલ છે તેમા શુ જણાવેલ છે તેની ડીટેઈલ મને ખબર નથી. એ વાત ખરી નથી કે આ કામે શૈલેષભાઈએ જે જવાબ રજુ કરેલો તે ખોટો રજુ કરેલો.એ વાતની મને ખબર નથી કે અમારી સંસ્થા વિરૂધ્ધ આઈ.ડી.એકટની કલમ ૨૫–ઓ ના ભંગ

બદલ સરકારી અધિકારીએ નોટીસ આપેલી. એ વાત ખરી છે કે સંસ્થા સામે થયેલ અન્ય કુલ ૭ કેસમાં બેંક ગેરંટી રજુ કરવાનો હુકમ થયેલ છે. એ વાત ખરી નથી કે તે કેસોમાં લેબર કોર્ટનો મનાઈ હુકમ હોવા છતાં અમોએ સંસ્થાની મશીનરી વેચી દીધેલ. સાહેદ જણાવે છે કે મનાઈ આવે તે પહેલા વેચી દીધેલી. આંક–૭૮ના લીસ્ટથી રજુ કરેલા દસ્તાવેજી પુરાવા મુજબ જે તે ટી અરજીના કામે નામદાર લેબર કોર્ટે અમારી સંસ્થા વિરૂધ્ધ રૂા.૫ લાખ બેંક ગેરંટી રજુ કરવાનો હુકમ કરેલ છે અને તે હુકમ વિરૂધ્ધ સંસ્થાએ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં રીવીઝન અરજી કરેલ તે અરજીઓ તા.૧–૧૨–૧૭ના રોજ રદ કરવામાં આવેલ છે આ હુકમ વિરૂધ્ધ અમોએ નામદાર હાઈકોર્ટમાં પીટીશન કરેલ છે જે હાલ પેન્ડીંગ છે. મને આંક–૬૦ બતાવવામાં આવે છે તેમાં શૈલેષભાઈની સહી છે. એ વાત ખરી છે કે શૈલેષભાઈએ આંક –૬૦ ની પુરસીશ કોર્ટમાં રજુ કરી ત્યારે તેમાં જણાવેલ ૧ થી ૮ નંબરની મશીનરી સંસ્થામાં ઉપલબ્ધ હતી. અમોએ કરાર કરી વેચાણ રાખનારને મશીનરી આપી ત્યારબાદ સંસ્થામાં મશીનરી રાખી મુકવાનુ અમોએ તેની પાસેથી કોઈ ભાડુ લીધેલ નહી. અરજદાર અમારો કામદાર ન હતો તેથી તેને વળતર આપવાનો પ્રપ્રશ્ન નથી. એ વાત ખરી નથી કે અરજદાર અમારી સંસ્થામાં કામ કરતો હોવા છતાં તેને કોઈ લાભો આપવા ન પડે તેથી કામદાર નથી તેવી ખોટી તકરાર ઉભી કરી ખોટી જુબાની આપુ છુ.''

**(૧૪.૨)** હવે આ તબકકે જી.આઈ.આર. એકટ અન્વયેની અમુક જરૂરી જોગવાઈઓ આ તબકકે નોંધવી આવશ્યક છે. તે પૈકી કલમ ૪૨(૪) ની જોગવાઈ જે પ્રકરણ–૮ માં કરવામાં આવેલ છે, તે નીચે મુજબ છે.

*(4). Any employee [or a representative union] desiring a change in respect of (i) any order passed by [the] employer under standing orders, or (ii) any industrial matter arising out of the application or interpretation of standing orders, or (iii) an industrial matter specified in Schedule III, shall make an application to the Labour Court [and as respects change desired in any industrial matter specified in item 5 of Schedule III, to the Industrial Court]:*

*Provided that no such application shall lie unless the employee [or a representative union] has in the prescribed manner approached [the] employer with a request for the change and no agreement has been arrived at in respect of the change within <u>the prescribed period</u>.*

વધુમાં ધી બોમ્બે ઈન્ડસ્ટ્રીઝ રીલેશન્સ (ગુજરાત) રૂલ્સ ૧૯૬૧ અન્વયેના નિયમ ૧૫ ની જોગવાઈ પણ જરૂરી છે, જે નીચે મુજબ છે.

*53.(1) <u>Any employee or a Representative Union</u> desiring a change in respect of (i) any order passed by the employer concerned under Standing Orders or (ii) any industrial matter arising out of the application or interpretation of Standing Orders or (iii) an industrial matter specified in Schedule III shall make an application in writing to the employer. <u>An application for change in respect of an order passed by the employer under Standing Orders shall be made within a period of six months from the date of such order</u>. Where such application is made by an employee it may be made to the employer direct or through the Labour Officer for the local area or the representative of employees concerned. A copy of the application shall be forwarded to the Commissioner of Labour and in cases where such application is not made through the Labour Officer for the local area to that officer.*

*(2) Where an application has been made by an employee under sub- rule (1) the employer and the employee may arrive at an agreement within fifteen days of the receipt of the application by the employer or within such further period as may be mutually fixed by the employer and the employee or the Labour Officer for the local area or the representative of employees as the case may be.*

*(3) Where an application has been made by a Representative Union under sub-rule (1), the employer and the Representative Union may arrive at an agreement within fifteen days of the receipt of the application by*

*the employer or within such further period as may be mutually agreed upon by the parties.*

***79. Commencement of proceedings.-***

*(1) Proceedings before a Labour Court in respect of disputes falling under clause (a) of paragraph A of sub section (1) of section 78 shall be commenced on an application made by any of the parties to the dispute, a special application under sub-section (3) of section 52 or an application by the Labour Officer 3 [or a representative union] and proceedings in respect of a matter falling under clause (c) of the said paragraph A on an application made by any employer or employee directly affected or the Labour Officer 1 [or a representative union.]*

*(2) Every application under sub-section (1) shall be made in the prescribed form and manner*

*(3) An application in respect of a dispute falling under clause (a) of paragraph A of sub-section (1) of section 78 shall be made --*

*(a) if it is a dispute falling under sub-clause (i) or (ii) of the said clause, within three months of the arising of the dispute;*

*(b) if it is a dispute falling under sub-clause (iii) of the said clause within three months of the employee concerned having last approached the employer under the proviso to sub-section (4) of section 42:*

*[Provided that, the Labour Court may, for sufficient reasons, admit any application in respect of any dispute made to it under this sub-section after the expiry of the period of three months specified thereof under sub-clause (a) or (b), as the case may be.]*

*(4) An application in respect of a matter falling under clause (c) of paragraph A of sub-section (1) of section 78 shall be made within three months of the commencement of the strike, [lock- out, closure or stoppage] or of the making of the illegal change, as the case may be:*

*[Provided that the Labour Court may, for sufficient reasons, admit any application for a declaration that a change is illegal under this Act, after the expiry of three months from the date on which such change was made : Provided further that when an application is admitted after the expiry of three months under the preceding proviso the employer who made the change shall not be liable to the penalty provided under section 106].*

આમ, ઉપરોકત જોગવાઈઓને ધ્યાને લેતા એપ્રોચ લેટર એટલે કે વિનંતીપત્ર આપ્યા પછી પક્ષકારો વચ્ચે જો સમાધાન ન થાય તો લેબર કોર્ટ સમક્ષ સદરહુ કાયદાની કલમ ૭૮ મુજબ પ્રોસીડીંગ્સ શરુ કરી શકાય અને તેવી કાર્યવાહી કલમ ૭૮(૧) અન્વયેના પેરા–(બ) ના કલોઝ માં પડતી હોય ત્યારે તેવી કાર્યવાહી કોઈપણ વિવાદ સંદર્ભેના પક્ષકારની કલમ ૭૯ (૧) અન્વયેની અરજી આધારે શરુ થઈ શકશે. વધુમાં તેવી કાર્યવાહી કલમ ૭૯(૩) હેઠળ સુચિત કરેલ ત્રણ માસની સમયમર્યાદા દરમ્યાન કરવાની થાય છે. હાલના કેસમાં અરજદારને તા.૧૨–૧૦–૦૭ ના રોજ નોકરીમાંથી છુટા કરેલ,તે સંદર્ભે માર્ક ૭/૧ વાળો એપ્રોચ લેટર તા.૨૨–૧૦–૦૭ ના રોજ આપેલ છે. આ એપ્રોચ લેટર સામાવાળાને મળેલ છે જેના પુરાવા આંક–૫૧ થી ૫૩ થી રજુ થયેલ છે. જે હકીકત સામાવાળાએ તેઓની ઉલટતપાસમા આડકતરી રીતે પણ કબુલ કરેલ છે. ત્યારબાદ અરજદારે તા. ૨૨–૧૧–૨૦૦૭ ના રોજ હાલની અરજી દાખલ કરેલ છે. તે સંજોગોમાં અરજદારની અરજી સમયમર્યાદામાં હોવાનું જણાય આવે છે. વધુમાં અરજદારે હાલનો કેસ પુન:સ્થાપિત કરવા માટે કરેલ હોઈ અને તે બાબત જી.આઈ.આર. એકટ હેઠળના શીડયુલ–૩ ના કલોઝ–(૬) માં સમાવિષ્ટ થતી હોય ત્યારે કર્મચારીએ તે સંદર્ભે માલીકને કલમ ૪૨(૪) મુજબ એપ્રોચ લેટર આપવાનો થાય છે, જે હાલમાં કેસમાં અગાઉ કરેલ ચર્ચા મુજબ અરજદાર ધ્વારા સંસ્થાને આપવામાં આવેલ છે અને ત્યારબાદ નિયત સમયમર્યાદામાં અરજદારે હાલની અરજી દાખલ કરેલ છે. તે સંજોગોમાં કલમ–૭૮(૧) (A)(a)(iii) ધ્યાને લેવામાં આવે તો લેબર કોર્ટને તે જોગવાઈ મુજબ વિવાદ સંદર્ભે સત્તા પ્રાપ્ત થાય

છે. તેમજ તે કલમના કલોઝ D(iii) મુજબ જો કર્મચારીને નોકરીમાંથી છુટા કરવાનું અયોગ્ય અથવા તો ગેરકાયદેસર માનવામાં આવે તો તે જોગવાઈ હેઠળના કલોઝ (a) મુજબ હુકમ કરી શકાય.

(૧૪.૩) આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવા તથા રજુઆત ધ્યાને લેતાં બંને પક્ષકારો વચ્ચે કામદાર માલીકના સંબંધ અંગેની તથા કરેલ કામગીરી અંગેની મુખ્ય તકરાર છે. અરજદારે તેમની અરજીમાં સામાવાળાએ તા.૧૨–૧૦–૦૭ મૌખીક હુકમથી છુટા કર્યાનુ પગલુ રદબાતલ ગણી પડેલા દિવસોના પગાર તથા આનુસાંગિક લાભો સાથે નોકરીમાં પુન:સ્થાપિત કરવાની માગણી કરેલી છે. અરજદારના કથનો મુજબ તેઓ સામાવાળા સંસ્થાઓમાં ૧૦ વર્ષથી મેઈન્ટેનન્સ કામ કરતા આવેલા. જેથી અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર માલીકના સંબંધો હોવાનુ તથા સામાવાળા એ તા.૧૨–૧ ૦–૦૭ ના રોજ મૌખીક હુકમથી નોકરીમાંથી કાઢી મુકેલ હોવાની તેમજ છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી અરજદારની છે. જે સબંધી ઉપરોકત પુરાવાઓને નજર સમક્ષ રાખતા હાલના અરજદારે આંક–૮ અને ૧૩ થી રજુ મૌખીક પુરાવો જોતા તેઓ ઉલટતપાસમા એમ હકીકત જણાવેલ છે કે, અમે કેસ માત્ર ભરૂચા એન્ડ સન્સની સામે કરેલ છે. બાકીની બે સંસ્થા સામે કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળાની ત્રણેય સંસ્થા એક સાથે જ એક જ જગ્યાએ ચાલે છે તેવુ બતાવવા મારી પાસે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે ભરૂચા એન્ડ સન્સ પણ બંધ થઈ ગયેલ છે. ખરી હકીકતે મે ભરૂચા એન્ડ સન્સમાં જ કામ કરેલ છે. એ વાત ખરી છે કે સામાવાળા નં.૨ તથા ૩ ની સંસ્થા સાથે મારે કોઈ લેવા દેવા નથી. એ વાત ખરી છે કે મે જણાવેલ વ્યકિતઓ સંચાલન દેખરેખ વગેરે કરતા હોય તે બતાવવા મારી પાસે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે પેરા–૩ માં જણાવ્યા મુજબના દસ્તાવેજો આપતા ન હતા તે બાબતે લેખિતમાં કયારેય સંચાલકને ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે અરજી તથા સોગંદનામામાં જણાવ્યા મુજબ દર દિવાળી એ સામાવાળાઓ છાપેલા વાઉચર તથા કાગળ ઉપર સહી લેતા હતા તે બાબતે કોર્ટમાં કે પોલીસ સ્ટેશનમાં સંચાલક વિરુધ્ધ કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે પેરા–૩ માં જણાવેલ હકકો બાબતે કોઈ લાગતા વળગતા અધિકારી સમક્ષ લેખિત કે મૌખીક ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળાની સંસ્થાઓમાંથી કયારેય પગાર લીધેલ હોય તે બતાવવા કોઈ પુરાવા નથી. તેવી જ રીતે આ કામના સામાવાળા સાહેદ આંક–૨૮ અને આંક–૭૦ ની જુબાની જોતા તેમા અરજદારની હકીકતને મદદરૂપ થઈ શકે તેવી કોઈ પણ હકીકત જણાઈ આવતી નથી. જેથી રજુ અરજદારના અને સામાવાળાના પુરાવાથી અરજદાર સામાવાળાના સંસ્થામા તેઓએ જણાવેલ હોદ્દાથી કામદાર તરીકે કામ કરતા હતા તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. અરજદાર તરફથી ત્રણ સંસ્થા સામે કેસ કરેલ છે જે અંગે આ કામના સામાવાળા નં.૧ તરફથી જણાવામા આવેલ છે કે સામાવાળા નં.૨ અને ૩

ની કોઈ સંસ્થા નથી. અરજદારે પણ તેઓની ઉલટતપાસમા કબુલ કરેલ છે કે, અમે કેસ માત્ર ભરૂચા એન્ડ સન્સની સામે કરેલ છે. બાકીની બે સંસ્થા સામે કરેલ નથી. એ વાત ખરી છે કે સામાવાળાની ત્રણેય સંસ્થા એક સાથે જ એક જ જગ્યાએ ચાલે છે તેવુ બતાવવા મારી પાસે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે ભરૂચા એન્ડ સન્સ પણ બંધ થઈ ગયેલ છે. ખરી હકીકતે મે ભરૂચા એન્ડ સન્સમાં જ કામ કરેલ છે. એ વાત ખરી છે કે સામાવાળા નં.૨ તથા ૩ ની સંસ્થા સાથે મારે કોઈ લેવા દેવા નથી. જેથી અરજદારની હાલની અરજીમા સામાવાળા નં.૨ અને ૩ ની સામે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદાર વધુમા એમ પણ જણાવે છે કે, તા.૧૨–૧૦–૨૦૦૭ ના રોજ બીજી પાળીમાં રાત્રે ૮–૦૦ કલાકે નોકરીની ફરજ પર આવેલ પરંતુ માલિકશ્રી શૈલેષભાઈ બલ્લુભાઈ ભરુચા, તથા શેઠશ્રી મનીષભાઈ બલ્લુભાઈ ભરુચા, તથા શેઠશ્રી બલ્લુભાઈ ભરુચા છે અને મેનેજરશ્રી નીતીનભાઈ એ નોકરીમાંથી વગર વાંકે વગર નોટીસે મનસ્વી રીતે કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર નોકરીમાંથી કાઢી મુકેલ છે. અને કોઈપણ જાતનો ન્યાય આપેલ નથી. તે રોજથી અમો દરરોજ સવારે નોકરીના સમયસર ફરજ પર આવતા હતાં છતાં અમોને શેઠના હુકમથી નોકરી પર વોચમેન કારખાનામાં પ્રવેશ કરવા દેતા ન હતાં. અને તે રોજ ઉપરોક્ત માલિકોએ મને કોઈપણ જાતના વાંક કે ગુના વિના કે કારણ જણાવ્યા વગર બચાવની તક આપ્યા વિના કુદરતી ન્યાયનાં સિધ્ધાંતોનો ભંગ કરી નોટીસ કે નોટીસ પગાર, છટણી વળતર, બોનસ, હક્ક રજા તથા માહે. ઓક્ટોબર–૨૦૦૭ ના માસનો બાકી પગાર ચુકવ્યા વિના મૌખિક આદેશથી બી.આઈ.આર. એક્ટ તથા સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈઓનો ભંગ કરી અમો અરજદારને તાત્કાલિક નોકરીમાંથી કાઢી મુકી અમો અરજદારની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરી ગુનાહીત કૃત્ય કરેલ છે. તમારું આ પગલું મનસ્વી ગેરકાયદેસર, અન્યાય અને અનફેર લેબર પ્રેક્ટીશવાળું છે. જે સબંધે જોતા સામાવાળા નં.૧ તરફથી આંક–૫૭ થી જે પુરાવા રજુ કરેલ છે તે પગારપત્રકમા હાલના અરજદારનુ કોઈ નામ નથી. વધુમા આંક–૫૫ થી મશીનરી વેચાણનો લેખ રજુ કરેલ છે. જેથી સામાવાળા સંસ્થા બંધ હોવાની કે અન્ય ને વેચાણ આપવાની હકીકત જણાઈ આવે છે. અરજદાર તરફથી અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. હાલના અરજદારે તેઓની સરતપાસમા કુલ–૨૩ કામદારના નામ જણાવેલા છે પરંતુ કોઈ પણને આ કામે તપાસેલા નથી કે ઉલટતપાસમા કબુલ કર્યા બાદ પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી અરજદાર તરફથી તેઓના નોકર માલીકના સબંધ અને સામાવાળા સંસ્થામાં કરેલ કામગીરીનો કોઈ જ સ્પેશિફીક પુરાવો રજુ કરેલ નથી. અરજદાર તરફથી આંક–૧૫ થી પ્રોડકશન ઓફ ડોકયુમેન્ટની અરજી આપતા તે મંજુર થયા બાદ આ કામના સામાવાળા તરફથી આંક–૫૮ નુ સોગંધનામુ તથા આંક–૫૭ થી નિ.૫૭/૧ થી સંસ્થાના એપ્રિલ ૨૦૦૫ થી માર્ચ ૨૦૦૬ સુધીના પગારપત્રક તથા તથા નિ.૫૭/૨ થી સંસ્થાના એપ્રિલ ૨૦૦૬ થી માર્ચ ૨૦૦૭ ના પગારપત્રક તથા નિ.૫૭/૩ થી સંસ્થાના એપ્રિલ ૨૦૦૭ થી માર્ચ ૨૦૦૮ સુધીના પગારપત્રક રજુ કરેલ છે. તે પુરાવા જોતા પણ તેમા હાલના અરજદારનુ

કોઈ નામ જણાઈ આવતુ નથી. જેથી આ કામના અરજદાર સામાવાળાના ત્યા તેઓ જણાવે છે તેવા હોદ્દાથી ૧૦ વર્ષથી કામ કરતા હોવાની અને તેઓને સંસ્થામા ૨૪૦ દિવસથી વધારે સમય સુધી સામાવાળા સંસ્થામા કામ કરેલ છે તેવી કોઈ હકીકત નિશંક રીતે પુરવાર થતી નથી.

**(૧૪.૪)** વધુમા આ કામના સામાવાળાએ તેમના આંક-૫૪ ના લેખીત જવાબમા અરજદાર તેઓના કામદાર ન હોવાની જે રજુઆત કરેલ છે તે સબંધી આંક-૨૮ ના સાહેદ સામાવાળા નં-૧ સંસ્થાએ સંસ્થાના ભાગીદાર શ્રી શૈલષભાઈ મુળચંદભાઈ ભરૂચાને તપાસેલ છે જેઓ એવી હકીકત જણાવે છે કે,''હું આ કેસના અરજદારને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે અરજદાર મેઈનટેનન્સ ખાતામાં મીકેનીકલ ફીટર તરીકે કામ કરતો હતો. મેઈનટેનન્સ ખાતામાં ચોકકસ કામદારોની સંખ્યા નકકી હોતી નથી. કામ મુજબ જરૂરિયાત રહે. અમારે ત્યાં મેઈનટેનન્સ ખાતામાં ૮ થી ૧૦ કામદારો કામ કરે છે. તેમના હાજરીપત્રક અને પગારપત્રક નિભાવું છું. તે મેં આ કેસમાં રજુ કરેલ નથી. જરૂર પડશે તો હું હજુ કરીશ. મને આંક-૧૦ હેઠળ થયેલ હુકમ બતાવવામાં આવે છે તે હુકમ મુજબ દસ્તાવેજો રજુ કરેલ છે કે કેમ તે મને હાલમાં યાદ નથી. તે અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો મળશે તો આવતી મુદતે હું રજુ કરીશ. જે સબંધી તેઓએ આંક-૫૭ થી પુરાવા રજુ કરેલ છે તેમા હાલના અરજદારનુ કોઈ નામ નથી તેવી જ રીતે આંક-૭૦ થી સામાવાળા સંસ્થાના ભાગીદારશ્રી મનીષ બલ્લુભાઈ ભરૂચાએ જુબાની આપેલ છે તેઓ પણ અરજદારને ઓળખતા નથી. વધુમા જણાવેલ છે કે,અરજદારને શરૂઆતથી હાજરીકાર્ડ અને પગારચીઠ્ઠી તથા ઓળખકાર્ડ આપતા ન હતા તેના જાવાબમાં જણાવુ છુ કે અરજદારે અમારે ત્યાં કામ કરેલ નથી તેથી આપેલ નથી. બીજી તરફ અરજદારે તેમની અરજી તેમના પુરાવામા જે કોઈ પણ ૨૩ કામદારની માહીતી અને પુરાવાની જે રજુઆત કરેલ છે તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી વધુમા તેઓએ જે આંક-૩૩ થી ૫૦ ના કેસના ચુકાદાની નકલ રજુ કરેલ છે તે જોતા હાલની સંસ્થાની વિરુધ્ધ લઘુતમ વેતન અધિનીયમ હેઠળના ગુના ના સંદર્ભમા થયેલ ફરીયાદની નકલ છે તેનાથી એવી હકીકત માની શકાય કે જે તે સમયે ૨૦૦૫ ના અરસામા સંસ્થા દ્રારા હાજરીપત્રક અને પગારપત્રક રજુ ન કરવા બદલની સંસ્થાની સામે કાર્યવાહી કરવામા આવેલી જેમા સંસ્થાએ તે ગુના કબુલ કરેલા છે પરંતુ સદર કેસ હાલના અરજદારના સંદર્ભમા હોય તેમ જણાઈ આવતુ નથી. જેથી હાલના કેસની હકીકતને લાગે વળગે છે તે સંદર્ભમા જોતા સદર આંક-૩૩ થી ૫૦ ના પુરાવાથી અરજદારની અરજીની હકીકતને વિશેષ કોઈ સર્મથન મળતુ નથી. જેથી હવે અરજદાર તા.૧૨-૧૦-૨૦૦૭ ના રોજ બીજી પાળીમાં રાત્રે ૮-૦૦ કલાકે નોકરીની ફરજ પર આવેલ પરંતુ માલિકશ્રી શૈલેષભાઈ બલ્લુભાઈ ભરુચા, તથા શેઠશ્રી મનીષભાઈ બલ્લુભાઈ ભરુચા, તથા શેઠશ્રી બલ્લુભાઈ ભરુચા છે અને મેનેજરશ્રી નીતીનભાઈ એ નોકરીમાંથી વગર વાંકે વગર નોટીસે મનસ્વી રીતે

કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર નોકરીમાંથી કાઢી મુકેલ છે. જેથી મહત્વનો મુદદો એ બની રહે છે કે અરજદારે ઉપરોકત જણાવ્યા મુજબના સમયે સામાવાળા સંસ્થામા અવિરત અને ૨૪૦ દિવસ કે તેનાથી વધુ દીવસો કામ કરેલ છે કે કેમ અને તેઓ સામાવાળાઓના કામદાર હતા કે કેમ ? જે અંગે સામાવાળાએ આંક-૨૮ ની તેમની ઉલટતપાસમાં તેઓ અસલ પગાર પત્રક તેમના કબજામા છે અને રજુ કરશે તેમ જણાવે છે. અરજદારની ઉલટતપાસમાં અરજદારે સામાવાળા સંસ્થામાં નોકરી કર્યા અંગેના કોઈ પુરાવા રજુ કરેલ ન હોવાના તેમજ નોકરી અંગેના લાભો અને પુરાવા નહી આપવા બાબતે કોઈ ફરીયાદ કરેલ નહી હોવાના સવાલ પુછેલ છે પરંતુ સામાવાળા અરજદારને તેવા પુરાવા આપતા હતા તેવી કોઈ હકીકત બહાર કઢાવી શકેલ નથી. જેથી આ કામે રેકર્ડ પર રજુ પક્ષકારોના રજુ થયેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ ધ્યાને લેતા અરજદાર સામાવાળા સંસ્થાઓના કામદાર છે કે કેમ તે પુરવાર કરવાની જવાબદારી અરજદારની છે. વધુમા નામદાર ગુજરાત હાઈકોર્ટે **સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ પંચાયત વિરુધ્ધ ડાહ્યાભાઈ અમરસીંહ ૨૦૦૬(૨) જીએલઆર ૧૦૧૪ તથા રાજકોટ ડીસ્ટ્રીકટ પંચાયત વિરુધ્ધ જયાબેન માવજીભાઈ ૨૦૦૩(૩) જીએલએચ ૪૩૫ ના ચુકાદાઓ**માં ઠરાવેલ છે તે મુજબ અરજદાર સામાવાળાના કામદાર હોય તથા સામાવાળા તથા અરજદાર વચ્ચે માલીક કામદારનો સંબંધ હોય તથા છુટા કર્યાના આગલા વર્ષ દરમ્યાન ૨૪૦ દિવસ કામ કરેલ હોય તેવુ પુરવાર કરવાનો પ્રાથમિક પુરાવાનો બોજો કામદારનો છે પરંતુ તે અંગેના પુરાવા કામદાર પાસે ન હોય તો માલીકને રજુ કરવા જણાવી શકશે અને જો માલીક ધ્વારા રજુ કરવામાં ન આવે તો તેવા સંજોગોમાં માલીક વિરુધ્ધનુ અનુમાન કરવાનુ કારણ ત્યાર પછી જ ઉપસ્થિત થાય છે. અરજદાર તરફે સામાવાળાના જવાબ અને રજુ પુરાવાઓની હકીકત અંગે કોઈ ખંડનાત્મક રજુઆત પણ કરેલ નથી. આમ, અરજદાર તરફે તેઓ હાલની સામાવાળી સંસ્થામા તેઓએ જણાવેલ હોદ્દાથી સમયગાળા માટે કામ કરી પગાર મેળવવા હોવાની હકીકત પુરવાર કરી શકેલા નથી.

**(૧૪.૫)** અરજદાર તરફે રેકર્ડ પર વિનંતીપત્ર અને ફોજદારી ફરીયાદની નકલ સિવાયના કોઈ દસ્તાવેજી પુરાવા એવા રજુ કરેલ નથી કે કોઈ અન્ય વધુ કોઈ સાક્ષીને તપાસેલા નથી. જેથી હવે આ કામે રજુ બન્ને પક્ષોના પુરાવાના આધારે પક્ષકારો તરફથી તેઓની રજુઆતના સમર્થનમા જે વિસ્તાપુર્વકની દલીલો રજુ કરી આંક-૧૦૧ થી જે ઓથોરીટીઓ પર આધાર રાખેલ છે તેને જરૂર પુરતા જોઈએ તો,જેમા આંક -૧૦૦ થી સામાવાળાએ જણાવેલ છે કે,

| અનુ.નં. | એપેક્ષ ઓથોરીટીના ચુકાદાની વિગત | અગત્યના પેરાની ચર્ચા |
|---|---|---|
| 1 | 2004 (II) LLJ 253 SC Workmen of Nilgiris Co-operative Marketing Society Ltd. V/S State of Tamil Nadu, | નામદાર સુપ્રિમ કોર્ટનાં ઉપરોક્ત જજમેન્ટમાં પાના નં.-૨૫૯ ઉપર Determination of relationship તથા તે અંગેની Test વિશે તથા પાના નં.-૨૬૦ ઉપર Relevant factors વિશે તથા પાના નં.-૨૬૨ ઉપર Burden of proof વિશેની ખૂબ સ્પષ્ટ ચર્ચા |

| | | |
|---|---|---|
| | | કરવામાં આવેલ છે અને પાના નં.-૨૭૨ ઉપર Analysis કરવામાં આવેલ છે.નામદાર સુપ્રિમ કોર્ટનાં આ ચુકાદાને ધ્યાને લેતાં હાલનાં કેસમાં અરજદાર સામાવાળાનાં કામદાર હોવાનું પૂરવાર કરવાનું બર્ડન અરજદાર પર હતું, જે પૂરવાર કરવામાં અરજદાર નિષ્ફળ ગયેલ છે અને નામદાર સુપ્રિમકોર્ટે તેમના ચુકાદામાં પાના નં.-૨૫૯ ઉપર "Test" અને પાના નં.-૨૬૦ ઉપર "Relevant factors" વિશે જે જણાવેલ છે તેને ધ્યાને લેતાં હાલનાં કેસમાં અરજદાર અને કયા સામાવાળા વચ્ચે માલિક-કામદારનો સંબંધ અસ્તિત્વમાં હોતો તે હકીકત નકકી કરવાની અુજ અગત્યની છે.અરજદાર પોતાનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે. |
| (૨) | 2008 (2) GLH 45 SC Ranip Nagar Palika Versus Babuji Gabhaji Thakore and Ors. | નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોક્ત ચુકાદામાં સ્પષ્ટપણે પુરાવાનો બોજો કામદાર પર હોવાનું જણાવેલ છે અને કામદારની પોતાની એફીડેવીટ એ પુરતો પુરાવો નથી એવું પણ જણાવેલ છે. હાલના કેસમાં તમામ રેકર્ડ ધ્યાનમાં લેતાં અરજદારે પોતાના પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ કરેલ નથી અને અરજદારે પોતાનો જે પુરાવો આપ્યો છે તે ધ્યાને લેતાં તેઓ તેમનો કેસ પુરવાર કરી શકેલ નથી.<br>વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટનાં ઉપરોક્ત ચુકાદાનાં પેરા નં.-૧૩ માં R.M. YELLTTI V/S THE ASSISTANT EXECUTIVE ENGINEER 2006 SCC (L&S) પાના નં.-૧ નાં ચુકાદાની ચર્ચા કરવામાં આવી છે અને તે ચર્ચામાં જણાવ્યા મુજબ અરજદાર જે રીતે Adverse Inference Draw કરવાનું જણાવે છે તે રીતે Adverse Inference Draw થઈ શકતું નથી અને અરજદારે રજૂ કરેલ ચુકાદાને ધ્યાને લઈને જ નામદાર સુપ્રિમ કોર્ટે હાલનું જજમેન્ટ આપેલ છે. |
| (૩) | 2006 (0) GLHEL-SC 37344 Surendranagar District Panchayat V/S Gangaben Laljibhai | નામદાર સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ચુકાદામાં સ્પષ્ટપણે પુરાવાનો બોજો કામદાર પર હોવાનું જણાવેલ છે અને કામદારની પોતાની એફીડેવીટ એ પુરતો પુરાવો નથી એવું પણ જણાવેલ છે.વધુમાં મજકૂર ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે સ્પષ્ટપણે જણાવેલ છે કે,નામદાર લેબર કોર્ટે માલિકે રજૂ કરેલ હાજરીપત્રક અને પગારપત્રકની ઝેરોક્ષ કોપીઓને ધ્યાને લેવી જોઈએ. નામદાર લેબર કોર્ટે માલિકે રજુ કરેલ હાજરીપત્રક તથા પગારપત્રકની ઝેરોક્ષ ધ્યાનમાં લીધેલ ન હોવાના કારણએ નામદાર સુપ્રિમ કોર્ટે નામદાર લેબર કોર્ટે કરેલ એવોર્ડને સેટેસાઈડ કરેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટનાં આ ચુકાદાને ધ્યાને લેતાં સામાવાળાએ હાલનાં કેસમાં સંસ્થાના આંક-૫૭ થી જે પગારપત્રક કરેલ છે. જેને ધ્યાને લેતાં, અરજદાર તરફે તેમના મૌખિક પુરાવા સિવાય બીજો કોઈ પુરાવો લેવામાં આવેલ નથી. આથી નામદાર સુપ્રિમકોર્ટનાં ચુકાદા મુજબ તે માની શકાય નહીં. આથી આ ચુકાદાનને આધારે અરજદારની ટી અરજી ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. |
| (૫) | 2017 LLR 909 (Delhi HC) Shambhu and Another V/S M/s. Sugan Drycleaners & Anr. | આ ચુકાદાને ધ્યાને લેતાં પેરા-૬ માં જણાવ્યા મુજબનાં દસ્તાવેજોમાંથી સામાવાળા સંસ્થાએ હાલનાં કેસમાં જે પગારપત્રકો રજૂ કરેલ છે તેને ધ્યાને લેતાં સ્પષ્ટપણે નામદાર કોર્ટ સમક્ષ પુરવાર થાય છે કે અરજદારે સામાવાળાને ત્યાં કામ કરેલ નથી કે કોઈ સાથી કામદારને તપાસેલા નથી. જેથી તા.૧૫/૧૦/૨૦૦૭ ના રોજ છુટા કરેલાનુ પુરવાર થતુ નથી. આથી અરજદારનો કેસ ટકી શકતો નથી અને રદ થવાને પાત્ર છે. |
| (૬) | ૨૦૧૩ LLR 927 (All. HC) U.P. State warehousing Corporation and another V/S Presiding Officer and another | મજકુર ચુકાદામાં નામદાર અલ્લાહાબાદ હાઈકોર્ટે સ્પષ્ટપણે જણાવેલ છે કે "It is settled law that the perrsson who files a claim is required to prove his case" આથી હાલનાં કેસમાં અરજદારે તેમનો કેસ પુરવાર કરવો જોઈએ.હાલનાં કેસમાં અરજદારની દલીલ ધ્યાનમાં લેતાં તેઓએ પોતાનું બર્ડન ડીસ્ચાર્જ કરેલ નથી અને તમામ બર્ડન સામાવાળા ઉપર નાંખવાની કોશિશ કરતી દલીલો કરેલ છે. જે દલીલો આ ચુકાદાને ધ્યાનમાં લેતા ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. |
| (૭) | 2016 LLR 105 (Del. HC) M/s G.D. Engineering V/s Arvind Kumar | નામદાર દીલ્હી હાઈકોર્ટે સ્પષ્ટપણે નક્કી કરેલ છે કે કામદારે તેણે છેલ્લી તારીખ સુધી કામ કર્યાનું પુરવાર કરવું જોઈએ અને બર્ડન ઓફ પ્રુફ હંમેશા affirmative Issue પર હોય જે પક્ષકાર deny કરે તેના પર negaitve burder હોતું નથી. |
| (૮) | 2015 LLR 850 (Bom. HC) The Indian Express Limited V/S Shri P.P. Kothari and ors. | નામદાર બોમ્બે હાઈકોર્ટે આ ચુકાદામાં સ્પષ્ટપણે હેલ્ડ કરેલ છે કે, કામદારે પોઝીટીવ એવીડન્સથી માલિક-કામદારનો સંબંધ હોવાની હકીકત પુરવાર કરવી જોઈએ અને આ ચુકાદાની હેડનોટ-બી માં |

| | | |
|---|---|---|
| | | કામદાર–માલિકનો સંબંધ હતો કે કેમ? તે નક્કી કરવા અંગેનાં મુદ્દાઓ જણાવ્યા છે. જે તમામાને ધ્યાને લેતા હાલના અરજદારે સામાવાળા નં .૧ સંસ્થામા ૨૪૦ દીવસ કામ કરેલ નથી. |
| (૯) | 2016 LLR 187 (P & B HC) Satinder Kumar Sharma V/S State of Hariyana and others | નામદાર પંજાબ એન્ડ હરીયાણા હાઈકોર્ટે હેલ્ડ કરેલ છે કે કામદારે પોઝીટીવ એવીડન્સથી માલિક–કામદારનો સંબંધ સાબિત કરવો જોઈએ. જે હાલનાં કેસમાં થયેલ નથી. અરજદારે ૧ વર્ષમા ૨૪૦ દીવસ કામ કરેલ નથી. |
| (૧૦) | 2020 LLR 919 (Delhi HC) Krishan Kumar Sharma V/S The P.O. Labour Court No.VIII and Anr. | નામદાર દીલ્હી હાઈકોર્ટે સ્પષ્ટપણે હેલ્ડ કરેલ છે કે માલિકે દસ્તાવેજ રજુ ન કરેલ હોવાથી તેમના વિરૂદ્ધ માલિક–કામદારનો સંબંધ હોવા અંગેનું advers inference draw થઈ શકે નહીં અને અરજદારે જ માલિક–કામદારનો સંબંધ હોવાની હકીકત અંગે કોઈ સાથી કામદારને તપાસેઈ નથી. જેથી આંક–૧ ની અરજી પુરવાર થતી નથી. |
| (૧૧) | 2004 (103) FLR 192 (SC) Rajasthan State Ganganagar Mill Ltd. V/s State Of Rajasthan & another | અરજીની હકીકત અને કથનો પુરાવાનો બોજો કામદાર પર છે અને કામદાર જ્યારે તેના પર રહેલ બર્ડન discharge કરવામાં નિષ્ફળ જાય ત્યારે તે કોઈપણ પ્રકારની રીલીફ મેળવવા હક્કદાર થતો નથી. "when party fails to discharge its burden to prove an issue, it will not be entitled to the relief claimed" |
| (૧૨) | 2002 LLR 339 (SC) The Range Forest Officers V/s S.T. Hadimani | નામદાર સુપ્રિમ કોર્ટે સ્પષ્ટપણે હેલ્ડ કરેલ છે કે કામદારનું પોતાનું સ્ટેટમેન્ટ અને તેની પોતાની એફીડેવીટ એ કેસની હકીકત પુરવાર કરવા માટે પુરતો પુરાવો નથી. |
| (૧૩) | 2006 LLR 851 (Delhi HC) Automobile Association of Upper India V/s P.O/ Labour Court II & Anr. | નામદાર દીલ્હી હાઈકોર્ટે સ્પષ્ટપણે જણાવેલ છે કે જે વ્યક્તિ ક્લેઈમ કરે છે તેના પર બર્ડન ઓફ પ્રુફ છે અને ફક્ત કામદારની એફીડેવીટ એ બર્ડન ડીસ્ચાર્જ કરવા માટે પૂરતી નથી તેમજ હેડનોટ–સી માં ક્યા ક્યા પુરાવાથી કામદારને નોકરીમાં રાખવામાં આવેલ છે સળંગ નોકરી કરેલ છે. તે પુરવાર થાય તે અંગે હેલ્ડ કરવામાં આવેલ છે.હાલનાં કેસમાં સામાવાળાએ આંક–૫૭ થી જે પગારપત્રકો રજૂ કરેલ છે જેના આધારે અરજદારે સામાવાળા સંસ્થામા સળંગ નોકરી કરેલાનુ પુરવાર થતુ નથી. જેથી તા.૧૫/૧૦/૨૦૦૭ ના રોજ નોકરીમાંથી છુટા કરેલાની હકીકત પુરવાર થતી નથી. |
| (૧૪) | 2015 LLR 641 (P & H HC) Sanjay Kumar V/s The Presiding Officer, Labour Court–II Faridabad and another | પુરાવાનો બોજો કામદાર પર છે અને કામદાર જ્યારે તેના પર રહેલ બર્ડન discharge કરવામાં નિષ્ફળ જાય ત્યારે તે કોઈપણ પ્રકારની રીલીફ મેળવવા હક્કદાર થતો નથી. "when party fails to discharge its burden to prove an issue, it will not be entitled to the relief claimed" |
| (૧૫) | 2014 (141) FLR 532 (SC) RAJASTHAN STATE ROAD TRANSPORT CORPORATION and another and BAJRANG LAL | નામદાર સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે જણાવેલ છે કે પક્ષકારે પ્લીડ કરવું જોઈએ અને પ્લીડ કર્યા મુજબનો પુરતો પુરાવો લેવો જોઈએ અને જો પ્લીડીંગ્સ પૂરતુ ન હોય તો કે તે અંગે પૂરતો પુરાવો ન હોય તો નામદાર કોર્ટ તેવા કેસ મંજૂર કરવા જોઈએ નહીં. |
| (૧૬) | 2014 (140) FLR 1005 (DEL)M/s Delhi Printing And Publishing Co. Ltd. V/S LABOUR COURT X AND OTHER | નામદાર દિલ્હી હાઈકોર્ટે મજકુર ચુકાદામાં હેલ્ડ કરેલ છે કે, પ્લીડીંગ બહારની દલીલો ધ્યાને લઈ શકાતી નથી અને કાનુની દલીલો ફક્ત નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ દસ્તાવેજો આધારીત જ હોય. |
| (૧૭) | 2001 LLR 823 Metallurgical & Engineering Consultants (India) Ltd V/S The State Of Bihar & Ors. | નામદાર ઝારખંડ હાઈકોર્ટે મજકુર ચૂકાદામાં સ્પષ્ટપણે હેલ્ડ કરેલ છે કે, જો પક્ષકારો દ્વારા ચોક્કસ પ્રકારની પ્લી લેવામાં આવી ન હોય તો એડજ્યુડીકેટીંગ ઓથોરીટી તે અંગે ફાઈન્ડીંગ આપી શકે નહીં અને નામદાર લેબર કોર્ટ પ્લીડીંગની બહારની હકીકત નક્કી કરી શકે નહીં. |
| (૧૮) | 1999 (2) LLJ Page 1028 SC Municipal Committee, Tauru V/S Harpal Singh and another | આ ચૂકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે હેલ્ડ કરેલ છે કે, માંગણાના નિવેદન પ્રમાણેનો જ પુરાવો હોવો જોઈએ એટલે કે માંગણાના નિવેદનની બહારનો પુરાવો ગ્રાહ્ય રાખી શકાય નહીં. |
| (૧૯) | 2012 (1) GLR 421 (GUJ HC)District Panchayat, Surendranagar & ANR V/S Hemiben Devabhai | આ ચૂકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે હેલ્ડ કરેલ છે કે, "સંદિગ્ધ અને ગુઢ" માંગણાનાં નિવેદન ઉપર એવોર્ડ થઈ શકે નહીં અને "સંદિગ્ધ અને ગુઢ" યાને "Vague and cryptic" કોને કહેવાય તે પણ જણાવેલ છે. |
| (૨૦) | 2018 (0) AIJEL–SC 62781 | આ ઉપરાંત હાલના કેસમાં અરજદારે ફક્ત એપ્રિલ–૨૦૦૬ |

| | | |
|---|---|---|
| | RAJASTHAN STATE ROAD TRANSPORT CORPORATION, Jaipur Versus phool Chand | માસના સમયગાળામા જ કામ કરેલ છે. અને તેથી તા.૧૫/૧૦/૨૦૦૭ ના રોજ તેઓ નોકરીમા હતા નહી જેથી સંસ્થા વિરૂદ્ધ બેકવેજીસનો હુકમ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આવો હુકમ થઈ શકતો નથી. |
| (૨૧) | 2020 LLR 22 (M.P. HC) Unni Bai Sen VS. M.P. State Agriculture Marketing Board, Bhopal | નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટે આ ચૂકાદામાં સ્પષ્ટપણે હેલ્ડ કરેલ છે કે, કામદાર ઓટોમેટીક બેકવેજીસ મેળવવા હક્કદાર નથી અને નામદાર કોર્ટ ઓટોમેટીક કામદારને બેકવેજીસ અપાવી શકતી નથી. |
| (૨૨) | 2020 LLR 938 (Raj. HC) Bhartiya Paryatan Vikas Nigam Limited, New Delhi V/S Dinwsh Chandra Sharma | કામદાર પોતે બેકાર હોવાનું તથા પ્રયત્નો કર્યા હોવા છતાં નોકરી મળેલ ન હોવાનું પ્લીડીંગ તેમના માંગણાના નિવેદનમાં લેવું જોઈએ તો જ તે બેકવેજીસ મેળવવા હક્કદાર થાય અને તે પણ કેસની હકીકત ધ્યાને રાખીને બેકવેજીસ હુકમ થઈ શકે. |
| (૨૩) | 2024 LLR 26 Sh.Prakash Chand v. Presiding Officer, Industrial Tribunal–cum–Labour Court, Panipat and Anr. | અરજદારે સામાવાળા સંસ્થા નં.૧ મા એક વર્ષમા ૨૪૦ દીવસ કામ કરેલ નથી જેથી આ ચુકાદાને ધ્યાને લેતા હાલની ટી અરજી ટકી શકતી અને રદ થવાને પાત્ર છે. |
| (૨૪) | 2001 (2) GLH 545 (SC) Bipin Shantilal Panchal Vs. State of Gujarat and ANR | ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે વાંધા સહિત આંક આપવા બાબત અને ટ્રાયલ કોર્ટને આંક આપવા બાબતના ડાયરેકશન્સ આપેલ છે અને હેલ્ડ કરેલ છે કે ઓબ્જેકશનને ધ્યાને લઈ આંક આપવા. હાલની ટી અરજીમાં અમો સામાવાળાએ રજુ કરેલ આંક–૫૭ના લીસ્ટથી રજુ કરેલ નિ–૫૭/૧ થી નિ–૫૭/૩ ના અસલ પગારપત્રકો બાબત અરજદારને એવો કોઈ ખાસ વાંધો નથી ફકત ને ફકત પગારપત્રકમાં હોદ્રો લખેલ ન હોવા બાબતનો જ વાંધો છે. આથી તે સિવાયની પગારપત્રકની કોઈ હકીકત તેઓ પડકારતા નથી. આથી નિ–૫૭/૧ થી નિ–૫૭/૩ ના અસલ પગારપત્રકોને ન માનવાને કોઈ કારણ નથી અને ઉપરોકત ચુકાદાને ધ્યાને લઈ તે પ્રુવડ ડોકયુમેન્ટ હોય તેને ધ્યાને લેવા જોઈએ. |
| આ કામે સામાવાળા તરફથી જે કોઈ પણ ચુકાદા રજુ કરેલા છે તે તમામ ચુકાદાઓ સ્પષ્ટ રીતે હાલના કેસની જેવીજ હકીકત સાથે સંપુણૃ રીતે એક સમાન કીસ્સામા નિર્ણીત થયેલ હોય તેમ જણાતા નથી. પરંતુ સદર ચુકાદામા જે રીતે નો સિધ્ધાંત પ્રતિપાદીત કરેલ છે તેને હાલના કીસ્સામા લાગુ પાડતા સામાવાળા તરફેની રજુઆત તથા દલીલ માનવા યોગ્ય જણાય છે, કારણ કે આ કામના અરજદારે તેઓ સામાવાળા સંસ્થામા જણાવેલ હોદ્દાથી અને જણાવે છે તેવા સમયગાળા માટે કામ કરેલ હોય કે,અરજદાર અને સામાવાળા સંસ્થા વચ્ચે નોકર માલીકના સબંધો હોય તેવુ રજુ પુરાવાથી પુરવાર કરી શકેલા નથી. | | |

– તેવી જ રીતે સદર કેસમાં અરજદાર તરફે આંક–૯૭ થી રજુ થયેલ ઓથોરીટી રજુ કરેલ છે તેમા તેઓએ મુખ્યત્વે એમ જણાવેલ છે કે,

| ક્રમ | ઓથોરીટી તથા અગત્યના પારાની ચર્ચા |
|---|---|
| ૧ | **સને–૨૦૦૬ સુપ્રીમ કોર્ટ કેસ (એલ.એન.એસ.) ૧.** સદર ઓથોરીટી આ કેસને એ માટે લાગુ પડે છે કે "નામદાર સુપ્રીમ કોર્ટે આર.એમ. યેલાલ્ટીના કેસમાં ત્રણ જડજીસની બેંચે ચુકાદો આપેલ છે, જે મારા કેસમાં લાગુ પડે છે, સુપ્રિમ કોર્ટ કેસીસ (એલ એન્ડ એસ) પાનુ નં.૧ વાળો રજુ કર્યો છે અને તેમાં કામદાર દ્વારા ૨૪૦ દિવસ નોકરી કરી છે કે કેમ તે મુદ્દા પર જ્યારે કામદારને તે અંગેના સંબંધીત દસ્તાવેજો સંસ્થા આપતી ન હોય, તો તેવા દસ્તાવેજો રજુ કરાવવા નામ. કોર્ટમાં અરજી આપવી પડે દસ્તાવેજો કંપનીનો જવાબ અને તેમાં નામ. કોર્ટ હુકમ કરે તેમ છતાં આ કંપનીના માલિકે જાણી–જોઈને બનાવટી અને ખોટા દસ્તાવેજો જાણી–જોઈને રજુ કરેલ છે." |
| ૨ | **સને–૨૦૧૦ (૨) જી.એલ.એચ. પેજ નંબર. ૨૧૪ ગુજરાત હાઈકોર્ટ.** **સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ વિરૂધ્ધ કટુબેન ટપુભાઈનું ગુજરાત હાઈકોર્ટ**ના કેસમાં સ્પષ્ટ જણાવેલ છે કે એક વખત કામદાર દ્વાર પુરાવાઓ આપવામાં આવે તે આધારે ૨૪૦ દિવસનું કાર્ય સ્પષ્ટપણે સ્થાપિત કરવામાં આવે ત્યારે કામદાર દ્વારા જણાવવામાં આવેલ હકીકતોને ખોટી સાબિત કરવા માટેના ખંડનાત્મક પુરાવા તરીકે તમામ સંબંધિત રેકર્ડ કે પુરાવા રજૂ કરવાની સાબિતીનો બોજો એમ્પ્લોયર ઉપર આવે છે અને આ કેસમાં અરજદાર તરફથી સામાવાળાના કબજામાં રહેલ દસ્તાવેજો રજુ કરવા માટે અરજી આપવામાં આવેલ અને પાછળથી બનાવટી અને બોગસ દસ્તાવેજો રજુ કરેલ છે, જે ધ્યાને ન લેવા અરજ છે, અરજદારે કામગીરી કરેલ અને જુબાનીમાં જણાવ્યા અનુસાર સહી કરીને પગાર કંપની ચુકવતી હતી, તેવું ઉલટતપાસમાં કબુલ કરેલ છે, તેવા દસ્તાવેજો સામાવાળાએ જાણી–જોઈને નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી, જેથી ૨૪૦ દિવસથી વધુ દિવસો છેલ્લા વર્ષે નોકરી કરી હતી તેવું વિરૂધ્ધ અનુમાન નામદાર કોર્ટે કરવું જોઈએ કેમ કે અરજદારની સહી વાળા દસ્તાવેજો રજુ કરતે તો આ કેસમાં મેં ૨૪૦ દિવસ છેલ્લા વર્ષમાં નોકરી કરી હતી, તેવું સાબિત થાત અને તેવું સાબિત ન થાય તે માટે થઈને સંસ્થાએ આવા ખોટા અને બોગસ રજીસ્ટ્રર રજુ કર્યા છે, તેવું તારણ કરવું જોઈએ, આમ,સામાવાળાએ દસ્તાવેજી પત્રકોમાં |

| | |
|---|---|
| | અમારૂં અરજદારુ નામ હોવાથી આ પત્રકો નામદાર કોર્ટમાં જાણીજોઈને ઈરાદાપૂર્વક રજુ કરેલ નથી. જેથી સામાવાળા સામે એડવર્સ ઈન્ફરન્સ ડ્રો કરવાનો મારો યોગ્ય કેસ ઠરે છે. |
| ૩ | **સને-૨૦૧૩ (૧૩૯) એફ.એલ.આર. પેજ નંબર.૫૪૧ સુપ્રિમ કોર્ટ.** ના. સુપ્રિમ કોર્ટે દીપાલી ગુન્ડુ સુરવાજેના કેસમાં એકથી સાત ગાઈડ લાઈન્સ જાહેર કરેલ છે જે પ્રમાણે અંતિમ હુકમ કરવા અદાલત બંધાયેલી છે. સદર જડજમેન્ટ **૨૦૧૩ (૧૩૯) એફએલઆર પાનું નં.૫૪૧ થી ૫૬૫** ઉપર આપવામાં આવેલ છે અને તે ગાઈડ લાઈન્સ અન્વયે નં.(૧) ગાઈડ લાઈનમાં જ્યારે નોકરીમાંથી કાઢી મુકવાનો હુકમ ખોટો ઠરે તો નોકરીમાં પડેલા દિવસોના પગાર અને નોકરીની સાતત્યતા સાથે પુનઃસ્થાપિત કરવાનો નોર્મલ રૂલ જાહેર કરેલ છે તેનો અર્થ એવો થયો કે માત્ર અપવાદરૂપ કિસ્સામાં જ ઉપરની ગાઈડ લાઈનમાં ફેરફાર થઈ શકે તે સિવાય હાલના કેસમા અરજદારે જે ટી. અરજીમાં માંગેલ દાદ સાથે ઉપરની ગાઈડ લાઈન પુરેપુરી બંધ બેસે છે. અરજદાર બેકાર હોવાનું તથા નોકરી ધંધામાંથી કોઈ આવક ન હોવાનું તેમજ નોકરી મેળવવા અન્ય સંસ્થાઓમાં પ્રયાસ કરેલ. આમ, બેકાર હતા કે અન્ય નોકરી ધંધામાંથી કોઈ આવક મેળવતા નથી જેથી પૂરેપૂરો પડેલા દિવસોના પગાર સહીત માંગ્યા મુજબ નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો ૧૦૦ ટકા સચોટ કેસ છે અને તે રીતે હુકમ કરવાની જરૂર છે. વળી, પડેલા દિવસોના પગાર બાબતે લાંબી નોકરી હોય તો તે પણ ધ્યાનમાં રાખવાનું સુપ્રિમ કોર્ટે ગાઈડ લાઈન નં.(૨) માં જણાવેલ છે.ગાઈડ લાઈન નં.(૩) માં કામદારે નીચલી કોર્ટ રૂબરૂ કામદારે વેતનવાળી નોકરી ધરાવતા ન હોવાનું જુબાનીમાં જણાવે તો તે પૂરતું છે અને તેવા સંજોગોમાં કામદાર બેકાર નથી અને આવક ધરાવે છે તેવો નક્કર પુરાવો માલિકે આપવો પડે તેવું જણાવેલ છે. |
| ૪ | **સને-૨૦૧૪ (એલ.એલ.આર.) પેજ નં.૬૭૩ સુપ્રિમ કોર્ટ.** સુપ્રીમ કોર્ટે ભૂવનેશ્વર દ્વિવેદીના કેસમાં પણ પૂરેપૂરો દિવસોના પગારનો હુકમ કરેલ અને તે ચુકાદો **૨૦૧૪ એલએલઆર પાનુંઃ ૬૭૩** વાળો રજુ કરેલ છે તે ધ્યાનમાં લેવા વિનંતી છે. |
| ૫ | **સને-૨૦૦૪ સુપ્રિમ કોર્ટ કેસ (એલ.એન.એસ.) પેજ નં.૧૦૮૧.** સુપ્રિમ કોર્ટે પૂરેપૂરો પડેલા દિવસોના પગારનો હુકમ કરેલ અને તે ચુકાદો ૨૦૦૪(૪) **એલએલએન ૭૨૦ નીક્સ (ઈન્ડિયા) ટુલ્સ વિ. રામ સુરત અને બીજાઓ** વાળો રજુ કરેલ છે તે ધ્યાનમાં લેવા વિનંતી છે. |
| ૬ | **સને-૨૦૧૦ (એલ.એલ.આર.) પેજ નં.૩૩૫ સુપ્રિમ કોર્ટ.** **ના. સુપ્રિમ કોર્ટે સને ૨૦૧૦ માં હરજીન્દરસીંઘ વિરૂધ્ધ પંજાબ સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન**ના કેસમાં આપેલ જડજમેન્ટ મુજબ એવી ભ્રમણા જે હાલ ઉભી થઈ છે કે કોર્ટ દ્વારા ઉદારીકરણની ઔદ્યોગિક નિતિ ધ્યાનમાં લઈ ગરીબ નબળા દલીત આદિવાસીઓ કે કામદારોના શોષણ દૂર કરવાની નિતિઓ અમલ છોડી દીધેલ છે તે ભ્રમણા ખોટી છે અને ના. કોર્ટની ફરજ છે કે આવી ભ્રમણઆ દૂર કરી સાચો ન્યાય આપવો જોઈએ, તે ધ્યાનમાં લેતા અરજી મંજુર કરી અરજદારને નોકરીથી છુટા તારીખથી આજદીન સુધીના પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીના તમામ આનુષાંગિક લાભો સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો સામાવાળાને હુકમ કરવા તથા આ અરજીના ખર્ચની રકમ અલગથી સામાવાળા ચુકવી આપે તેવો પણ ન્યાયના હીતમાં યોગ્ય હુકમ ફરમાવવાની ખાસ જરૂર છે. |
| ૭ | **સને ૧૯૮૬ -૦ (જી.એલ.એચ.ઈ.એલ.એઈ.સી-૨૪૫૦૨)** એસ.જી કેમીકલ નુ જજમેનટમા કંપનીમા ૧૦૦ તી વધુ કામદારો કામ કરતા આવેલા અને તેઓને આઈ.ડી.એકટની કલમ-૨૫ ઓ મુજબ સરકારીની પરમીશન લીધેલ નથી જેથી નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી આજદીન સુધીના પડેલ દિવસોના પગાર મેળવવા હકકદાર થઈએ છીએ. |
| ૮ | **એ.આઈ.આર -૧૯૯૬ સુ.કો ૧૨૮૨** વઝીર ગ્લાસ ના કેસમા ૧૦૦ તી વધુ કામદારો કામ કરતા આવેલા અને તેઓને આઈ.ડી.એકટની કલમ-૨૫ ઓ મુજબ સરકારીની પરમીશન લીધેલ નથી જેથી નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી આજદીન સુધીના પડેલ દિવસોના પગાર મેળવવા હકકદાર થઈએ છીએ. |
| ઉપરોકત ચુકાદાઓ સ્પષ્ટ રીતે હાલના કેસની જેવીજ હકીકત સાથે સંપુર્ણ રીતે એક સમાન કીસ્સામા નિર્ણીત થયેલ હોય તેમ જણાતા નથી. તેવી જ રીતે આ કામાના સામાવાળા તરફથી જે આંક-૧૦૦ થી અરજદારની રજુ ઓથોરીટીઓ અંગે પણ અલગથી દલીલો-ખુલાસા રજુ કરેલ છે તે વંચાણે લેતા પણ સદર ચુકાદાઓ કેવી રીતે અરજદારના કેસની જેવી જ હકીકત સાથે સુસંગત નથી તે ધ્યાને લઈ શકાય તેમ છે. વધુમા જયારે આ કેસમા અરજદાર સામાવાળા સંસ્થાના કામદાર હોવાનુ તથા તેઓ જણાવે છે તેવા હોદ્દાથી ૨ વર્ષ ઉપરાત કામ કરેલ હોવાની હકીકત અરજદારે પુરાવાર કરેલ ન હોય અરજદાર તરફેના સદર ચુકાદા તેઓને મદદકર્તા હોય તેમ જણાઈ આવતુ નથી. | |

**(૧૪.૬)** આમ, ઉપરોકત બન્ને પક્ષની પુરાવા તથા ઓથોરીટીના આધારેની રજુઆત ધ્યાને લેતા અરજદારે સામાવાળા સંસ્થામાં કામ કર્યા અંગે અને તેમની વચ્ચે કામદાર માલીકના સંબંધ હોવા અંગે અરજદારે આંક-૮ અને ૧૩ ની જુબાનીની એફી. રજુ કરી તેમના પર રહેલ પ્રાથમીક પુરાવાના બોજાનુ સામાવાળાએ રજુ પુરાવાથી ખંડન કરેલ છે. તે સંજોગોમાં અરજદાર સામાવાળા સંસ્થાના કામદાર નથી તે પુરવાર કરવાનો બોજો ઓનર્સ ઓફ પ્રુફ સામાવાળા

ઉપર ખસેલ છે સામાવાળાએ પોતાના પર રહેલ પુરાવાના બોજાનુ ખંડન કરવા માટે આંક–૨૮ અને આંક–૭૦ થી મૌખીક પુરાવો તથા આંક–૫૭ થી દસ્તાવેજી પુરાવા અને આંક–૫૮ થી એફીડેવીટ રજુ કરેલ છે.જયારે અરજદાર તરફે તેઓ સામાવાળા સંસ્થાના કામદાર હોવા બાબતે તથા છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામ કર્યા બાબતે પોતાની આંક–૮ અને ૧૩ ની જુબાનીની એફી. સિવાય કોઈ જ ઠોસ દસ્તાવેજી પુરાવા રજુ કેરલ નથી. અરજદારે તેમની અરજીના સર્મથનમા અલગ અલગ કામદારના નામ જણાવવા છતા તેવા કોઈ કામદારને તપાસેલા નથી કે કોઈ સાક્ષી પણ રજુ કરી શકેલા નથી. જેથી હાલના અરજદાર તેઓ જે સમય જણાવે છે તે સમય દરમ્યાન સામાવાળા સંસ્થાઓમા તેમના જણાવેલ હોદ્રાથી અને જણાવેલ સમયગાળા દરમ્યાન સંસ્થામા કામ કરતા હોય તેવી કોઈ જ હકીકત ખુલવા પામેલ નથી કે અરજદાર તરફથી તે પુરવાર કરેલ નથી. વધુમા અરજદાર તરફે રજુ કરેલા અન્ય ચુકાદા અને દલીલને ઘ્યાને લેતા જયારે માલીક કામદારને નોકરી અંગે કોઈ પુરાવા આપતા ન હોય અને માલીક તેવા પુરાવા રજુ નહી કરે તો તે માલીક સામે વિરુધ્ધનુ અનુમાન થઈ શકે તેમ જણાવેલ છે. પરંતુ હાલના કેસમાં જયારે અરજદારે સામાવાળાના આંક–૫૭ ના પુરાવાનુ ખંડન કરેલ નથી. જેથી હવે આ બાબતે સામાવાળા સામે વિરુધ્ધનુ અનુમાન થઈ શકે નહી અને અરજદારે આ અંગે જે રજુ કરેલા ચુકાદાઓના સિધ્ધાંતો હાલના કેસની હકીકત અને સંજોગો જોતાં લાગુ પડતા નથી તેમ આ અદાલતનુ માનવુ છે. આ તબકકે સદર એડવર્સ ઈન્ફરન્સ અંગે નામદાર સુ.કો દ્ધારા નીચે મુજબના ચુકાદામાં નોંધેલ છે કે,

**2006 (0) AIJEL-SC 38407 SUPREME COURT OF INDIA**
(PUNJAB & HARYANA HIGH COURT)
**Hon'ble Judges:Y.K.Sabharwal, C.K.Thakker and P.K.Balasubramanyan JJ.**
(Full Bench)

Jagjit Singh Versus State Of Haryana

**(83.)** The question of drawing adverse inference in view of Speaker not rebutting the aforesaid averments would depend upon the satisfaction of the Court, having regard to the facts and circumstances of the case. Ordinarily, the adverse inference can be drawn in respect of allegations not traversed, but there is no general rule that adverse inference must always be drawn, whatever the facts and circumstances may be. The facts and circumstances of the present case have already been noticed as to how the petitioners have been avoiding to appear before the Speaker; how the proceedings were being delayed and long adjournments sought on ground such as non-availability of senior advocates because of court vacations. In the light of these peculiar facts and circumstances, a telephone call like the one alleged can mean that further adjournment as sought for by the petitioners is possible if they do not vote in the Rajya Sabha election on 28.06.2004. On facts, we are unable to draw adverse inference and accept the plea of malafides.

જયા સુધી હાલના કેસની હકીકતને લાગે વળગે છે ત્યા સુધી અરજદાર તરફે એવી રજુઆત છે કે, સામાવાળા સંસ્થા તરફથી કોઈ અસલ તમામ પુરાવા રજુ કરેલ નથી જેથી હાલના કામદારે તેઓને જે તા.૧૨–૧૦–૨૦૦૭ ના રોજ બીજી પાળીમાં રાત્રે ૮–૦૦ કલાકે નોકરીની ફરજ પર આવેલ પરંતુ માલિકશ્રી શૈલેષભાઈ બલ્લુભાઈ ભરુચા, તથા શેઠશ્રી મનીષભાઈ બલ્લુભાઈ ભરુચા, તથા શેઠશ્રી બલ્લુભાઈ ભરુચા છે અને મેનેજરશ્રી નીતીનભાઈ એ નોકરીમાંથી વગર વાંકે વગર નોટીસે મનસ્વી રીતે કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર નોકરીમાંથી કાઢી મુકેલ છે. જે પુરાવાર થાય છે

પરંતુ સામાવાળા તરફે જે પ્રથમ જવાબમા અને પુરાવામા રજુઆત કરેલ છે તે બાબતે પણ તેનુ કોઈ ખંડન અરજદાર તરફે કરેલ નથી કે તે બાબતે કોઈ કાઉન્ટર પુરાવો પણ રજુ કરેલ નથી. જેથી હાલના કેસમા સામાવાળા તરફે રજુ થયેલ ઓથોરીટીઓ અને ઉપરોકત ઓથોરીટીના અનુસંધાને પણ adverse inference કરી શકાય તેમ નથી. આમ, હાલના અરજદારે સામાવાળા સંસ્થામા ૨૪૦ દિવસ કે તેથી વધારે કામ કરેલાની હકીકત રજુ પુરાવાથી પુરવાર થતી નથી. આ તબકકે **નામદાર ગુજરાત હાઈકોર્ટે સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ પંચાયત વિ. ડાહ્યાભાઈ અમરશીભાઈ, રીપોર્ટ ૨૦૦૬ (જી.એલ. આર.) ૧૦૧૪** ના કેસમાં હુકમ ઠરાવેલ છે કે, અરજદારે સામાવાળા સંસ્થામાં કામ કર્યાનું પુરવાર કરવાનો બોજો કામદાર પર છે અને આવો બોજો માત્ર સોગંદ ઉપરની જુબાનીથી ડીસ્ચાર્જ થશે નહી અને માત્ર સોગંદ ઉપર આવી વિગત જાહેર કર્યે વિરૂધ્ધ અનુમાનથી પુરવાર થયાનું પણ કોર્ટ માની શકશે નહી. વધુમા તેવી જ રીતે **નામદાર સુપ્રિમ કોર્ટે ભાવનગર મ્યુનિસીપલ કોર્પોરેશન વિ. જાડેજા ગોવુભા ચનુભા, એસ. આઈ. આર. ૨૦૧૫, સુપ્રિમ કોર્ટ, ૬૦૯** ના કેસમાં ઠરાવેલ છે કે, અરજદારે સામાવાળા સંસ્થામાં નોકરી કર્યાનું પુરવાર કરવાનો અરજદાર પક્ષકાર પર છે અને આ વિગત પુરવાર કરવા માટે સરતપાસના સોગંદનામામાં આવી વિગત જણાવવી તે પુરતુ નથી જે **નામદાર સુપ્રિમ કોર્ટે રેન્જ ફોરેસ્ટ ઓફીસર વિ. એસ. પી. હાદીમની, રીપોર્ટ એ. આઈ. આર. ૨૦૦૨ એસ. સી. ૧૧૪૭** માં એમ સેટલ કરેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટે ભાવનગર મ્યુનીસીપલ કોર્પોરેશનના કેસમાં એવું પણ ઠરાવેલ છે કે, સામાવાળાના દસ્તાવેજ રજુ ન કરવા માત્રથી વિરૂધ્ધ અનુમાનના આધારે આવો બોજો અરજદારે ડીસ્ચાર્જ કરેલો નહી માની શકાય. વધુમા ઉપરોકત આંક-૨૮ ના સાહેદની ઉલટતપાસ દરમ્યાન અરજદારના પ્રતિનિધીશ્રીએ સંસ્થામાં મોજુદ એવી મશીનીરીની વિગતની માંગણી કરેલ, તે મુજબ સામાવાળાની પ્રિમાઈસીસમાં ઉપ્લબ્ધ એવી મશીનરીઓની વિગતો આંક-૬૦ થી આપવામાં આવેલ છે અને જણાવેલ છે કે, આ તમામ મશીનરીઓ સામાવાળાની માલીકીની નથી. સામાવાળાએ મશીનરીનું વેચાણ તા.૫/૫/૧૪ ના રોજ કરેલ છે, તે મુજબ મશીનરીનું સંપૂર્ણ વેચાણ થઈ ગયેલ છે અને હવે તેની માલીકી અને કબજો મશીન વેચાણ રાખનારની છે અને મશીનરી વેચાણ રાખનાર તેમની અનુકુળતાએ મશીનરી સંસ્થામાંથી લઈ જઈ રહયા છે. સામાવાળાએ સંસ્થામાં જે મશીનરીની (૧) ડીઝલ જનરેટર - ૪,(૨) ઝીરો ઝીરો મશીન -૨,(૩) ફોલ્ડીંગ મશીન-૨,(૪) જેટ મશીન-૧૨,(૫) ડ્રમ-૪,(૬) ઘંટી-૨,(૭) પ્રિન્ટીંગ મશીન -૬૪,(૮) રોટરી મશીન-૧ છે તેવું જણાવેલ છે.આમ, હાલની સામાવાળા નં.૧ સંસ્થાએ તેઓની મશીનરી વેચાણ કરેલાનુ અનુમાન નકારી શકાય તેમ નથી. તેવી જ રીતે સામાવાળા નં.ર અને ૩ ને ત્યા હાલના અરજદારે કામ ન કરેલાનુ અને તેઓની સાથે કોઈ સીધી તકરાર ન હોવાનુ જણાવેલ છે. જેથી અરજદાર તરફે રજુ પુરાવાથી

પણ સામાવાળા નં.ર અને ૩ ની સામે પણ કોઈ હુકમ થઈ શકે તેમ નથી. તેવી જ રીતે આ કામે રજુ તમામ પુરાવાઓને નજર સમક્ષ રાખતા તથા બન્ને પક્ષની રજુ દલીલને ધ્યાને લેતા પણ હાલના અરજદાર રજુ પુરાવાથી ઉપરોકત મુદદાઓ માહેની કોઈ જ હકીકત પુરવાર કરી શકેલા નથી.

**(૧૪.૭)** આમ,ઉપરોકત સમગ્ર ચર્ચા કરી તે મુજબ જયારે અરજદાર મુદદા નં.૧ મા જણાવ્યા મુજબ અરજદાર કામદાર સામાવાળાઓના કામદાર ન હોય તથા તેઓને છુટા કર્યાના વર્ષ દરમ્યાન સળંગ ર૪૦ દીવસ કે તેનાથી વધારે કામ કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય તથા તા.૧ર–૧૦–૦૭ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલાની અને મુદદા નં. ર મુજબ તેઓ ને નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી સામાવાળા સંસ્થાઓમાં તેઓ સળંગ નોકરીથી આનુસાંગિક લાભો તથા પડેલા દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત થવાની હકીકત પણ તેવી જ રીતે પુરવાર થતી ન હોય તે અંગેની મહત્વની હકીકત પુરવાર કરવામાં અરજદાર નિષ્ફળ નિવડેલ હોય સદર ત્યારે અરજદાર હાલની અરજીમાં માંગેલ કોઈપણ દાદ મેળવવા હકકદાર બનતા નથી. જેથી **મુદૃા નં.(૧) થી (ર)** નો જવાબ તે રીતે **નકારમાં** આપવામા આવે છે.

**(૧૫)મુદદા નંબર–૩ :–**

ઉપરોકત **મુદદા–૧ અને ર ના** નિર્ણય તથા અરજદારની અરજી, રજુ થયેલ પુરાવો, કાયદાકીય જોગવાઈઓ રજુ ઓથોરીટીના સિધ્ધાંતો ધ્યાને લઈ ન્યાયના હિતમાં **મુદદા નં.૩** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:આખરી હુકમ:–**

(૧) આ કામના અરજદાર **શ્રી બાબુ ઉદયનાથ પંડા**ની હાલની ટી.અરજી નં.૯૪ર/ર૦૦૭ આથી **નામંજુર** યાને રદ કરવામાં આવે છે.

(ર) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) લેબર કોર્ટ, સુરતની રજીસ્ટ્રી ધ્વારા પક્ષકારને આ હુકમની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

સદરહુ હુકમ આજરોજ ર૧ મી માર્ચ ર૦ર૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ર૧–૦૩–ર૦ર૫
સ્થળ : સુરત.

**(સૌરભ બિપીનચંન્દ્ર શાહ)**
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત નં–ર, સુરત.
**GJ00946**

BY SELF